(શીર્ષક જોડો) બાળસંભાળની જાણકારી મેળવવા માંગો છો?
યોગ્ય પસંદગી કરવામાં તમને મદદ માટે સ્યુરસ્ટાર્ટ માર્ગદર્શન

**પરિચય (Introduction)**

**બાળસંભાળ અંગેના તમારા વિકલ્પો વિષે જાણો અને બુદ્ધિપૂર્વક નિર્ણય લો. આ પુસ્તિકા બાળસંભાળ અને શરૂઆતના શિક્ષણ બાબતના વિકલ્પો, ફાયદાઓ અને સલાહ સંબંધી માહિતી ધરાવે છે.**

**અનુક્રમણિકા**


| પાના નંબર | | પાના નંબર | |
|---|---|---|---|
| **1** | **પરિચય (Introduction)** | **16** | **તેની શી કિંમત હશે? (How much will it cost?)** |
| 1 | બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણ તમને અને તમારા બાળકને કેવી રીતે મદદરૂપ રહે | 16 | ખર્ચ અંગે મદદ |
| 2 | પરવડે તેવી બાળસંભાળ | 18 | તેની શી કિંમત હશે? ત્વરિત માર્ગદર્શિકા |
| **2** | **તમારા વિકલ્પો (Your choices)** | **10** | **પસંદગી અને ગોઠવણી (Choosing and Arranging)** |
| 3 | ચાઈલ્ડમાઈન્ડર્સ | 11 | બાળસંભાળ પસંદગી અને ગોઠવણી અંગે અમુક કરવા લાયક અને ન કરવા લાયક |
| 4 | આયા અને અન્ય બીજા ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓ | 11 | શેનું ધ્યાન રાખવું |
| 5 | દિવસ પર્યંતનું શિશુગૃહ | 12 | તેમને મુકરર કરવા |
| 6 | શિશુગૃહ શાળા અને વર્ગો | 12 | વૃદ્ધિ સાથેસાથે અભ્યાસ |
| 7 | પ્રી-સ્કુલ અથવા રમતગમત ગ્રુપ | 14 | ગુણવત્તાવાળી બાળસંભાળ |
| 8 | સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રો | 15 | જો તમારા બાળકને વિકલાંગતા અથવા ખાસ પ્રકારના શિક્ષણની જરૂરિયાત હોય |
| 9 | શાળા-આધારિત બાળસંભાળ | | |
| **20** | **કુટુંબ અને કામનો સમન્વય (Balancing work and family)** | **23** | **જાણકારી ક્યાંથી મેળવવી (Where to find info)** |
| 20 | કોને શું પ્રાપ્ત થશે? | 24 | સંપર્કો |
| 21 | નોકરી અથવા અભ્યાસે પાછા ફરવું | 28 | અનુક્રમણિકા |
| 21 | સ્થિતિ સ્થાપક નોકરી | | |
| 22 | બાળસંભાળ ક્ષેત્રે નોકરી કરવા વિચારો છો? | | |
| 23 | સ્યુરસ્ટાર્ટ, બાળસંભાળ અને પ્રારંભિક વર્ષો માટેનું ભવિષ્ય | | |


**<u>તમે બાળસંભાળની શોધમાં છો?</u>**
બાળસંભાળને લગતા નિર્ણયો ભયજનક અને ખર્ચાળ લાગતા હોય છે. પસંદગી કરવામાં મદદરૂપ થવા સ્યુરસ્ટાર્ટે આ પુસ્તિકા તૈયાર કરી છે. બાળસંભાળમાં તમારા બાળકને મૂકવા માટે તમે હાલ તૈયાર ન હો, તો પણ તે સંબંધી હવે વિચારવામાં શાણપણ છે. તે અંગે ઘણા વિકલ્પો છે, પણ તમારા માટે કયો વિકલ્પ બરોબર રહેશે? પસંદગી કરી તમે કેવી રીતે આગળ વધશો?

**બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણ તમને અને તમારા બાળકને કેવી રીતે મદદરૂપ થઈ શકશે**
આજકાલ અનેક પ્રકારની રચનાવાળા કુટુંબો હોય છે, અને બધાંની, તેમના સમય અને આવકના સંદર્ભમાં વિવિધ પ્રકારની માંગ અને જરૂરિયાત હોય છે. તમારે આયોજન કરવાનું રહેશે કે કઈ વ્યવસ્થા તમારા માટે ઉત્તમ છે - વ્યક્તિગત તેમ જ આર્થિક દ્રષ્ટિએ.

**તમારા માટેના ફાયદા**
• સારા ગુણવત્તા ધરાવતી અનેક બાળસંભાળ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે જે તમારી દૈનિક કાર્યવાહી, કામના કલાકો, અભ્યાસ અને પ્રશિક્ષાને અનુલક્ષીને માફક આવે તે પ્રમાણે અપનાવી શકો છો. તમને તમારા બાળકને યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થવા માટે પાના નં. 8 જૂઓ.
• સ્થિતિ સ્થાપક શૈલી મુજબ કામ કરવાથી તમને બાળસંભાળને અનુરૂપ થવાની તથા તેનો અભ્યાસ કરવાની તક આપે છે (વિગતો માટે જૂઓ પાના નં. 21)
• તમે કામ કરતા હો કે ન હો, બાળસંભાળ વધુ સારી રીતે પરવડે તે માટે સરકાર તરફથી આર્થિક સહાય ઉપલબ્ધ છે. પાના નં. 58 થી શરૂ થતા 'ખર્ચ અંગે મદદ' વિભાગમાં શું ઉપલબ્ધ છે અને તે કેવી રીતે મેળવી શકાય તે જૂઓ.

**તમારા બાળક માટે ફાયદા**
• સારી ગુણવત્તાવાળી બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણ તમારા બાળકને પ્રાથમિક શાળામાં અગ્રતા અર્પે છે, કારણ કે તે શૈક્ષણિક, ભાવાત્મક અને સામાજિક પ્રગતિ માટે વધુ સારી રીતે મદદ કરે છે.
• દરેક પ્રકારની વ્યવસ્થામાં સારી ગુણવત્તા મળી શકે છે - ઉદાહરણ તરીકે, જ્યાં : - કર્મચારીઓમાં શરૂઆતના વર્ષોની માન્ય કેળવણી હોય; - વ્યવસ્થાપક પ્રશિક્ષિત શિક્ષક હોય; - કર્મચારીવર્ગમાં પ્રશિક્ષિત શિક્ષકો હોય; - પુખ્ત વયનાઓના બાળકો સાથેના સંબંધો કાર્યરત અને ઉષ્માભર્યા હોય; - અને સ્પષ્ટ શૈક્ષણિક લક્ષ હોય છે.
• સારી ગુણવત્તાવાળી બાળસંભાળનો અને પ્રારંભિક શિક્ષણનો અનુભવ મેળવેલ બાળકો સાત વર્ષની ઉંમરે KS1 રાષ્ટ્રીય સ્તરે અંગ્રેજી અને ગણિતમાં સારો દેખાવ કરતાં હોય છે.
• સારી કક્ષાના મહોલમાં હાજરી આપેલ બાળકોમાં પ્રાથમિક શાળાની શરૂઆતમાં જ સ્વતંત્ર, વધુ એકાગ્ર અને વધુ સામાજિક હોવાની શક્યતા હોય છે.
• સીમિત સમય માટેની હાજરી, સંપૂર્ણ સમયની હાજરી બરાબર હોય છે.
• ભલે ગમે તે પ્રકારની બાળસંભાળ તમે પસંદ કરો, પણ ઘરમાં તમે જે કાંઈ કરો તે જ તમારા બાળકના વિકાસમાં ફરક લાવી શકે છે. સારી ગુણવત્તાવાળી બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણની સાથેસાથે તમારા બાળકના વિકાસ માટે તમે સહાય કરી શકો છો : - તેને વાંચી સંભળાવીને; - ગીત અને બાળગીત

શિખવાડીને; - આંકડા અને અક્ષરોની રમત રમાડીને; - ચિત્રકામ અને રંગકામ કરીને; - તેને પુસ્તકાલયમાં લઈ જઈને; અને - મિત્રો સાથે ઘરમાં રમવાની તકો ઊભી કરીને.

ઉત્તમ ગુણવત્તાની બાળસંભાળના ફાયદાઓ બાબત માહિતી માટે **www.surestart.gov.uk** ની મુલાકાત લો

**પરવડે તેવી બાળસંભાળ**
શોધ કરવાની શરૂઆત કરતાં પહેલાં, 'બાળસંભાળ ભૂલી જાવ, મને પરવડે તેમ નથી' એમ વિચારવું સહેલું છે. ઘણા લોકો માનતાં હોય છે કે સારી ગુણવત્તાવાળી બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણની કિંમત ભારે હોય છે અને ફક્ત શ્રીમંતો માટે જ છે. પરંતુ, એ યાદ રાખવું લાભદાયક છે કે તમારી આર્થિક સ્થિતિ ભલે ગમે તે હોય, વિકલ્પો અગણિત છે. મોટા ભાગના કુટુંબોને શરૂઆતથી જ ખર્ચમાં મદદ કરવામાં આવે છે, અને વધુ અને વધુ નિયોક્તાઓ બાળસંભાળ માટેની મદદ પુરી પાડી રહ્યા છે (જૂઓ પાના 16). નવાઈની વાત તો એ છે કે, મળી શકતા આ લાભનો, યુ. કે.માંના ઘણા કામ પર જતાં કુટુંબો દાવો કરતાં નથી, કારણ કે તેઓને તે વિષે કોઈ જાણકારી નથી અથવા તો તેઓ માને છે કે સદર લાભ માટે તેઓ અધિકૃત નથી. આ બેખબરી તમારા વિકલ્પોમાં ધરખમ ફરક લાવી શકે છે. મળી શકતી સવલતોની આવશ્યક સૂચી, તમે અધિકૃત છો કે કેમ અને તે માટે દાવો કેવી રીતે કરવો, તે માટે જૂઓ પાના નં. 20.

**તમારી અધિકૃત કર રાહત મેળવો**
દસમાંથી નવ કુટુંબો કર રાહત માટે અધિકૃત હોય છે. તમારા સંજોગો પર તમને મળતી રકમનો આધાર છે. તમને શું મળી શકે છે તે જાણવા અને ઑનલાઈન દાવો કરવા **www.inlandrevenue.gov.uk/taxcredits** ની મુલાકાત લો.

બાળક કર રાહત (સી.ટી.સી.) એક બાળકના અઠવાડિયાના £32 ની કિંમત સુધી અને વધારે બાળકો માટે તેથી પણ વધુ. £58,000 ની આવકવાળ કુટુંબો (અથવા £66,000 જો એક વર્ષથી નીચેનું ઓછામાં ઓછું એક બાળક હોય તો) સંજોગો પ્રમાણે મદદ માટે અધિકૃત થઈ શકે છે. તમારું બાળક વિકલાંગ હોય તો તમને વધારે મદદ મળી શકે છે.
કર્મચારી કર રાહત (ડબલ્યુ. ટી.સી.). નીચી આવકવાળા લોકોને વેતનમાં આ એક વધારાની રાહત છે અને તે કામે જતાં માબાપને અને વિકલાંગ લોકો માટે ઉપલબ્ધ છે. ડબલ્યુ.ટી.સી.ની સંપૂર્ણ વિગતો માટે જૂઓ પાના નં. 16.

કર્મચારી કર રાહતનું બાળસંભાળ તત્વ. કામે જતાં માબાપના બાળસંભાળ ખર્ચને આવરી લેવાનો આનો ઉદ્દેશ છે. અમુક મર્યાદા સુધીમાં, રજીસ્ટર્ડ અથવા માન્ય બાળસંભાળ માટે ખર્ચે કરાયેલ હર £1 દીઠ 70 પે. માટે આપ દાવો કરી શકો છો. કર્મચારી કર રાહત (ડબલ્યુ. ટી.સી.) નું બાળસંભાળ તત્વ અંગેની સંપૂર્ણ વિગતો માટે જૂઓ પાના નં. 16.

**ત્રણ અને ચાર વર્ષના દરેક માટે સીમિત સમયનું નિ:શુલ્ક પ્રારંભિક શિક્ષણ**
સમગ્ર ત્રણ અને ચાર વર્ષનાં બાળકો વિનામૂલ્ય સીમિત સમયના પ્રારંભિક શિક્ષણ માટે અધિકારી છે, જેનો અર્થ એ થઈ શકે છે કે તે તમારા માટે મોટી બચત છે. નિ:શુલ્ક સીમિત સમયની જગ્યા એટલે કે તમારા બાળકને દિવસના અઢી કલાક, અઠવાડિયાના પાંચ દિવસ, વર્ષના 33 અઠવાડિયા પ્રારંભિક શિક્ષણ આપવામાં આવશે. તમારા બાળકના ત્રીજા જન્મ દિવસ પછી રાષ્ટ્રીય માન્ય પ્રથમ સત્રથી જ ઉપલબ્ધ હોય છે.

આ સીમિત સમયના સ્થળ હોય શકે છે : પ્રાદેશિક શાળાના શિશુગૃહ વર્ગોમાં અથવા ખાનગી શિશુગૃહ શાળામાં - દિવસ દરમ્યાનના શિશુગૃહમાં - રમતગમત ગ્રુપ અથવા પ્રી-સ્કુલમાં - માન્ય ચાઈલ્ડમાઈન્ડર નેટવર્કના ચાઈલ્ડમાઈન્ડરની દેખરેખમાં. તમારા બાળક માટે નિ:શુલ્ક પ્રારંભિક શિક્ષણ કેવી રીતે મેળવવું તે જાણવા તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) વિભાગનો ચાઈલ્ડ કેર લિંક દ્વારા **0800 096 02 96** નંબર પર સંપર્ક કરો.

**વધુ જાણકારી માટે**...મહેસૂલ ખાતા અને કર રાહત હેલ્પલાઈનને 0845 300 3900 નંબર પર ફોન કરો. જો તમે ટેક્ષ્ટ ફોન વાપરતા હો તો નંબર છે **0845 300 3909.** તમે **www.inlandrevenue.gov.uk/taxcredits** પર ઑન-લાઈન અરજી પણ કરી શકો છો.

**તમારા વિકલ્પો (Your choices)**
દરેક પ્રકારની બાળસંભાળની સારી અને નરસી બાજુ હોય છે, અને તમારા કામકાજના કલાકો, બજૅટ વિ. અનુલક્ષીને તમને અને તમારા કુટુંબની જરૂરીયાતોને સૌથી સારી રીતે અનુકૂળ રહેતું હોય તે પ્રમાણે તમારે નક્કી કરવાનું રહેશે. પણ સર્વ પ્રથમ તમારી નજદીકમાં શું ઉપલબ્ધ છે તે જાણવું જરૂરી છે.

વધુને વધુ સંસ્થાઓ બાળસંભાળથી પણ વિશેષ ઉપલબ્ધ કરાવે છે - તે પુરા જનસમુદાયને સહાય કરે છે. તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) - જે તમારા ક્ષેત્રમાં તમને મળશે તે - શું ઉપલબ્ધ થઈ શકે તે અંગે તમને માહિતગાર કરશે. તેઓ પાસે સ્થાનિક બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણ સેવા સંસ્થાઓની સંપૂર્ણ વિગતવાર સૂચી હશે. સૂચીમાં દર્શાવેલ રજીસ્ટર્ડ બાળસંભાળ રાખનારાઓ અથવા જગ્યા, ઑફિસ ફૉર સ્ટાન્ડર્ડ્સ્ ઇન એજ્યુકેશન (ઑફસ્ટેડ) દ્વારા નિયમિત ધોરણે તપાસવામાં આવશે તેથી તમે સુરક્ષા અને ધોરણો વિષે બેફિકર રહેશો (જૂઓ પાના નં. 14). સંપર્ક અંગેની વિગતો ઉપરાંત, સી.આઈ.એસ. તમને કાર્યરત કલાકો, ઉંમરને લગતા નિયમો, પાર્કિંગ વ્યવસ્થા અને ખર્ચે અંગેની વિગતો પણ પુરી પાડશે.

**વધુ માહિતી માટે**...ચાઈલ્ડકેર લિંક નં. **0800 096 02 96** ઉપર તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા વિભાગના નંબર માટે ફોન કરો અથવા **www.childcarelink.gov.uk** ની મુલાકાત લો.

**ચાઈલ્ડમાઈન્ડર્સ**
**હકીકત**
• રજીસ્ટર્ડ ચાઈલ્ડમાઈન્ડર તમારા બાળકની સંભાળ, અન્ય બાળકોની સાથે, સાધારણ રીતે પોતાના જ ઘરમાં રાખે છે.
• તેઓને તેમનાં પોતાનાં બાળકો સહિત આઠ વર્ષની અંદરના ફક્ત છ બાળકોની સંભાળ રાખવાની અનુમતિ હોય છે - તેમાંના ફક્ત ત્રણ બાળક જ પાંચ વર્ષની નીચેના હોઈ શકે છે.
• સ્વ-રોજગાર હોવાથી કામકાજના કલાકો સંબંધી પોતે જ નિર્ણય લે છે. મોટા ભાગના વહેલી સવારે, સાયંકાળે અને અઠવાડિયાને અંતે, સાથે સાથે સીમિત સમય માટે કામ કરવા સંમત થતા હોય છે - ઉદાહરણ તરીકે બાળકને શાળાએ મૂકવા જવા માટે / લેવા જવા માટે, અને છુટ્ટીના દિવસો માટે ઉત્તમ.
• બધા જ ચાઈલ્ડમાઈન્ડર્સે પ્રાથમિક સારવાર સહિતની મૂળભૂત પ્રશિક્ષા અભ્યાસક્રમ પૂરો કરવો ફરજિયાત છે, અને મોટાભાગના વધુ પ્રશિક્ષા અને વ્યવસાયીક વિકાસનો અભ્યાસ કરતા હોય છે.

**સંભાળની સારી ગુણવત્તા વિષે મને ખાત્રી કેમ થાય?**
ચાઈલ્ડમાઈન્ડર્સ રજીસ્ટર્ડ હોવા જોઈએ અને સ્ટાન્ડર્ડસ્ ઇન એજ્યુકેશનની ઑફિસ દ્વારા તપાસાતાં હોવા જોઈએ (ઑફસ્ટેડ, જૂઓ પાના નં. 50) જેઓ નિયમિત રીતે ઘર અને ચાઈલ્ડમાઈન્ડર અંગે ચોકસાઈ કરતા હોય છે. વધુમાં, ચાઈલ્ડમાઈન્ડરના ઘરમાં રહેતી અને કામ કરતી દરેક પુખ્ત વયની (16 થી વધારે) વ્યક્તિની સ્વાસ્થ્ય અને પોલીસ તપાસ થતી હોય છે. દરેકને બાળસંભાળ અંગેની પાત્રતા હોતી નથી. એક વખત તમે ચાઈલ્ડમાઈન્ડરને મળો અને તેનું પ્રશિક્ષણ કરો એટલે તમને લાગશે કે તે તમારા બાળક માટે યોગ્ય છે કે નહીં (શેની તપાસ કરવી તે બાબત જૂઓ પાના નં. 42)

**મને કેટલો ખર્ચ થશે?**
તમારા ચાઈલ્ડમાઈન્ડર સાથે તમારે સમય, શરતો અંગે વાટાઘાટ કરવી જરૂરી છે (જૂઓ પાના નં. 3). જગ્યા જગ્યા પ્રમાણે ભાવ અલગ અલગ હોય છે અને એક બાળક દીઠ સરેરાશ કલાકના £2.50 (લંડનમાં £3) લાગી શકે છે. તુલનાત્મક ખર્ચ માટે જૂઓ પાના નં. 60.

**શું તે મારા માટે છે?**
- મને સ્થિતિ સ્થાપક સંભાળની જરૂર છે, કારણ કે મારા કામકાજના કલાકો અનિયમિત છે, જે સાધારણ, શિશુગૃહ દિવસના, સવારના 8-00 થી સાંજે 6-00 વાગ્યા સુધીના કલાકો સાથે બંધબેસતા નથી
- હું મારા બાળકની સંભાળ કૌટુંબિક ઘરમાં લેવાય એમ ઇચ્છું છું
- એક જ વ્યક્તિ મારા બાળકની સંભાળ લે તેમ હું ઇચ્છું છું
- જુદી જુદી વયના મારા બાળકો છે અને તે બધાયની સંભાળ એક સાથે લેવાય તે અગત્યનું છે
- મારી જરૂરિયાતને હું સારી રીતે વ્યક્ત કરી શકું છું
- વધુ બાળકોના સમૂહમાં ભળવાની હાલ પૂરતી કોઈ જરૂરિયાત નથી.

**તમારા ચાઈલ્ડમાઈન્ડરને પૂછવાના પ્રશ્નો**
તમે કેટલા વખતથી ચાઈલ્ડમાઈન્ડીંગનું કામ કરો છો?
વધારાની કઈ તાલીમ તમે લીધી છે?
તમને આ વ્યવસાય શાથી ગમે છે?
તમે કેટલા સમય સુધી આ કામ કરવા માગો છો?
બીજા કયા બાળકો મારા બાળક સાથે હશે, અને તેમની ઉંમર કેટલી હશે?
બીજા જે મા-બાપ માટે તમે કામ કરો છો તેમના ફોન નંબર મળી શકશે, જેથી હું નિર્દેશ અંગે જાણી શકું?
ગુણવત્તાની ખાત્રી માટે તમે કોઈ પરીક્ષા આપી છે?
ચાઈલ્ડમાઈન્ડર નૅટવર્ક સાથે તમે સંકળાયેલા છો?
માંદગીના દિવસોનું તમે મહેનતાણું લો છો?
ઘરના દરેક કક્ષ સ્વચ્છ અને સુઘડ છે તે માટે જોવાની માગણી કરો.
તમારું બાળક ક્યાં ઊંઘશે? તે જગ્યા શાંત છે તેની ખાત્રી કરો.
તમે તમારો દિવસ કેવી રીતે વિતાવો છો અને બીજા બાળકોનો કાર્યક્રમ મારા બાળકના કાર્યક્રમ સાથે કેવી રીતે બંધ બેસશે? સાધારણ બાબતની જાણકારી મેળવો, જેમ કે તે અથવા તેણી ક્યારે ખરીદી / બૅન્ક / દૈનિક કાર્ય માટે જાય છે.
તમે દિવસની સહેલ માટે જાવ છો? ક્યાં?
તમારી કારની બેઠકો વ્યવસ્થિત જડેલી છે?
કયા પ્રકારની ખાણી પીણી તમે બાળકોને આપો છો?
તમે બાળકની પ્રગતિ વિષે ફાઇલ રાખો છો?
કામકાજ કેવું નીવડે છે તે જોવા પ્રાયોગિક સ્તરે (થોડીક સવાર પૂરતું) તમે સહમત થશો? મોટા ભાગના ચાઈલ્ડમાઈન્ડરો આ માટે સહમત થશે.

**આ પણ યાદ રાખો ...**
બાળસંભાળ રાખનારનું આજ દિન સુધીના રજીસ્ટ્રેશનની વિગત, સાર્વજનિક જવાબદારી અને પ્રાથમિક સારવારની જાણકારી અંગેના પ્રમાણપત્રની માગણી કરો.
દરેક કક્ષ અને બગીચાનો વીમો ઉતરાવેલ છે તે અંગે પૂછો, નહીં તો તે જગ્યાઓથી તમારું બાળક વંચિત રહેશે.
કોની અવરજવર છે?
બીજી કેટલી પુખ્ત વયની વ્યક્તિઓ ઘરમાં હશે તે પૂછો.
જમાડવા, ભણાવવા, ટીવી નિહાળવા અને શિસ્તના નિયમો અંગે સહમત થાવ.
કોઈપણ કરાર સમય, પગાર, માંદગી અને રજા દરમ્યાનનો પગાર આવરતો હોવો જોઈએ (જૂઓ પાના નં. 11)

***તમારો ચાઈલ્ડમાઈન્ડર જો ચાઈલ્ડમાઈન્ડર નૅટવર્કનો સભ્ય હશે તો તે નિ:શુલ્ક સીમિત સમયનું પ્રારંભિક શિક્ષણ આપી શકશે.***

વધુ માહિતી માટે...તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થા માટે, જેની પાસે તમારા ક્ષેત્રના ચાઈલ્ડમાઈન્ડરોની સૂચી હશે તે માટે, ચાઈલ્ડકૅરલીન્કને **0800 096 02 96** નંબર પર ફોન કરો અથવા **www.childcarelink.gov.uk** ની મુલાકાત લો
અથવા **0800 169 4486** નંબર પર રાષ્ટ્રીય ચાઈલ્ડમાઈન્ડીંગ એસોસિએશનને ફોન કરો
અથવા **www.ncma.org.uk** - ચાઈલ્ડમાઈન્ડીંગ નૅટવર્ક અંગેની વધુ માહિતી માટે

**આયાઓ અને અન્ય ઘર-સ્થિત સંભાળ રાખનારાઓ**
**હકીકત**
- તમે આયાઓ અને બીજા ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓને બાળકોની સંભાળ રાખવા નોકરીએ રાખો છો, સાધારણ રીતે તમારા જ ઘરમાં.
- તેઓને અનિયમિત કામકાજના કલાકો સાથે મેળ બેસશે, અને સીમિત સમય માટે કામ કરશે અથવા સાથે રહેશે પણ ખરા. કેટલાક, ઘરમાં વધારાનું કામ (રસોઇ, સાફસૂફી વગેરે) કરવા માટે સંમત થશે.

• હિસ્સેદારીમાં રોકેલ આયાઓ તમારા અને બીજા કુટુંબ માટે કામ કરશે.
• મોટા ભાગની આયાઓ અને અન્ય ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓ, માન્ય કરાયેલ બાળસંભાળ પ્રમાણપત્ર અથવા શિશુગૃહ પરિચારિકાની તાલીમ પ્રાપ્ત કરેલ હોય છે, પરંતુ તે ફરજિયાત નથી.
• બાળસંભાળ રાખનારાઓ જો બાળસંભાળ માન્યતા યોજના દ્વારા માન્યતા પામ્યા હોય તો, તેમને ચૂકવણી કરવા માટે, હજારો માતાપિતા હવે આર્થિક સહાય મેળવવાને હક્કદાર છે - જૂઓ પાના નં. 14

**સંભાળની સારી ગુણવત્તા વિષે મને ખાત્રી કેમ થાય?**
અમુક આયાઓ અને ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓની તપાસ ઑફસ્ટેડ દ્વારા થતી નથી. છતાં, રાહતના સમાચાર એ છે કે આયાઓ અને અન્ય ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓ નવી બાળસંભાળ માન્યતા યોજનાને (વિગતો માટે જૂઓ પાના નં. 14) અરજી કરી શકશે અને માન્યતા પામવા માટે મૂળભૂત માપદંડને અનુરૂપ હોવું જોઈશે.

**મને કેટલો ખર્ચ થશે?**
મહેનતાણું અઠવાડિયાના £127 થી £400 સુધીની શ્રેણીમાં હોઈ શકે છે, તે કામકાજના કલાકો, તેમનો અનુભવ, તમે ક્યાં રહો છો અને તેઓ તમારી સાથે રહેશે કે કેમ તે પર આધારિત છે. તમારે તેમના કર અને નેશનલ ઈન્સ્યુરેન્સની લાગત આપવાની રહેશે. અન્ય ખર્ચાઓમાં સમાવેશ થાય છે, રજા અને માંદગીનો પગાર, તાકીદની પરિસ્થિતિ માટે મોબાઈલ ફોન અને જો તેઓ તમારા કુટુંબની કાર ચલાવે તેમ તમે ઇચ્છતાં હો તો કાર ઇન્સ્યુરેન્સ.

**શું તે મારા માટે છે?**
• મારી ઘરેડ અને જીવનશૈલીમાં બંધબેસે તેવી વ્યક્તિની જરૂર છે
• મારા બાળકની સંભાળમાં હું અગત્યનો ભાગ ભજવવા માગુ છું - તેઓ શું કરે છે, ક્યારે સુવે છે વિગેરે.
• મારે જુદી જુદી ઉંમરના બાળકો માટે સંભાળની જરૂર છે - આમ તેઓ સાથે રહી શકે અને ઓછું ખર્ચાળ થાય.
• મારું બાળક પોતાના જ ઘરમાં વધારે આનંદમાં રહેશે (તથા પોતાની જ પથારીમાં, જો હું ઘરે મોડેથી પાછો ફરું વિ.)
• મારું બાળક શાળાએ જતું ન હોવાથી મને પુરા સમય માટે કોઈ વ્યક્તિની જરૂર છે
• હું કાયદાકીય અને આર્થિક જવાબદારી લેવા તૈયાર છું
• કોઈ અમારી સાથે રહે તે વિચારથી હું આનંદિત છું (અને તે માટે જગ્યા છે)

**તમારી આયા અથવા ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓને પૂછવાના પ્રશ્નો**
તમારી શી આવડત અથવા પ્રશિક્ષણ છે?
બાળસંભાળ માન્યતા યોજના દ્વારા તમને માન્યતા મળી છે?
તમને કયા પ્રકારનો અનુભવ છે?
આ કામમાં તમને શાથી આનંદ મળે છે?
તમને શાથી આ કામ જ જોઈએ છે?
તમે મારા બાળકની દિનચર્યાની કેવી રીતે વ્યવસ્થા કરશો? અને પ્રગતિના ધ્યેય પ્રાપ્ત કરવા માટે તેને કેવી રીતે મદદ કરશો?
તમે આહાર અને દિનચર્યાની ડાયરી રાખશો?
મારા બાળકને બહાર ક્યાં લઈ જશો?
જલદી શરૂઆત / મોડી પૂર્ણાહુતિ વિષે તમારો શો અભિપ્રાય છે?
ભૂલકાંનું સાંજના ધ્યાન રાખી શકશો?
પોટી પ્રશિક્ષણ, જમાડવા, ખરા ખોટાનો ભેદ શિખડાવવા વિષે તમારી નીતિ શી છે?

**જો સાથે રહેતાં હો તો :**
તમારા રજાના દિવસો કેવી રીતે વિતાવશો? તમારે પુરુષમિત્રના ઘરમાં રહેવા વિષે, અને ધ્રુમપાન અને ટેલિફોનના ઉપયોગ વિષે સ્પષ્ટતા કરવી જરૂરી રહેશે.

**ઑ પેર**
સાધારણતઃ ઑ પેર અનેક યુરોપીઅન દેશોમાંથી આવેલ એકાકી યુવાન મહિલા (ક્યારેક પુરુષો) હોય છે. તેઓ યુ.કે.માં અંગ્રેજી શીખવા માટે આવતા હોય છે, કુટુંબ સાથે રહેતાં તેઓ દિવસના વધુમાં વધુ પાંચ કલાક ઘરકામમાં મદદ કરતાં હોય છે. બદલામાં, તેઓને બે દિવસની છુટ્ટી, અઠવાડિક ભથ્થું (£50 ની આસપાસ), ભોજન અને તેમને માટે પોતાની રૂમ આપવાની રહે છે. ઑ પેર સાધારણ રીતે રજિસ્ટર થયેલ હોતા નથી અથવા બાળકો સાથે કામ કરવા માટે તાલીમ લીધેલી હોતી નથી તેથી નાના બાળકોની સંભાળ રાખવા માટે તેઓની ગણત્રી અણઘડમાં થાય છે, છતાં શાળાના સમય પછીની સંભાળ માટે પરવડી શકે તેવો વિકલ્પ ગણાય છે.

**એ પણ યાદ રાખો ....**
પ્રાથમિક સારવારને લગતું પ્રમાણપત્ર જોવા માગો (તે તત્કાલીન છે?) અને બાળસંભાળ માન્યતા યોજનાનો કાગળ.
દરેક વસ્તુ લેખિતમાં લો (કલાકો, કામની વિગત, નોકરીનો ગાળો, માંદગી / રજાનો પગાર વિ. જૂઓ પાના નં. 11)
સંભવિત અકસ્માતમાં નુકસાનીના વળતર પેટે નિયોક્તાનો વીમો તમારે લેવો જોઈએ.
જો આયાની પસંદગી કરતા હો, તો હંમેશા પ્રતિષ્ઠાવાળી આયા ઍજન્સીનો ઉપયોગ કરો અને નિર્દેશોની તપાસ કરો. ઓછામાં ઓછા બે પહેલાંના નિયોક્તા સાથે પૂછપરછ કરો.
તમારી આયા તમારી સાથે રહેશે તો, પગાર ઉપરાંત તમારે તેને રૂમ તથા ભોજન આપવાના રહેશે.

**વધુ જાણી લો ....**
બાળસંભાળ માન્યતા યોજના વિષે વધારે વિગતો માટે જૂઓ પાના નં. 14 અથવા **www.childcareapprovalscheme.co.uk** ની મુલાકાત લો.
કામ પર જતાં કુટુંબો માટેની હેલ્પલાઈનનો **0800 013 0313** નંબર પર ફોન કરો અથવા **www.workingfamilies.org.uk**ની મુલાકત લો
સ્થાનિક શાખાઓમાંથી આયા હિસ્સેદારી રજિસ્ટરની જાણકારી માટે રાષ્ટ્રીય બાળજન્મ ટ્રસ્ટને **0870 444 8707** નંબર પર ફોન કરો

પ્રોફેશનલ એસોસિએશન ઑફ નર્સરી નર્સસ્ (પી.એ.એન.એન.)ને **01322 372 337** નંબર પર આયાના પેક માટે ફોન કરો.
'આયાની જરૂર છે' માર્ગદર્શિકા વાંચો : **www.surestart.gov.uk/ensuringquality/needananny**

## દિવસ પર્યંતના શિશુગૃહ

### હકીકત

• છ અઠવાડિયાથી પાંચ વર્ષની ઉંમરની વચ્ચેના બાળકોને દિવસ દરમ્યાનના શિશુગૃહ સંભાળ અને શિક્ષણ પુરુ પાડે છે. (ઘણા શિશુગૃહ પાંચથી અગિયાર વર્ષની ઉંમરના માટે પણ શાળા બહારની સંભાળ પ્રસ્તુત કરે છે.)
• કાઉન્સિલ, જનસમાજ કામ કરવાના સ્થળે દિવસ દરમ્યાનના શિશુગૃહનું સંચાલન કરી શકે છે અથવા તેનું અંગત સંચાલન હોય છે.
• સર્વમાન્ય કામકાજના કલાકો દરમ્યાનના સમયને અનુરૂપ - સવારે 8.00 થી સાંજે 7.00 વાગ્યા સુધી, વર્ષના 50 અઠવાડિયા તે ખુલ્લુ હોય છે. તમે તમારા બાળકને પુરા યા સીમિત સમય માટે મોકલી શકો છો.
• તમારું બાળક તેની ઉંમરને અનુરૂપ બર્થ ટુ થ્રી મેટર્સ ફ્રેમવર્ક ઍન્ડ ફાઉન્ડેશન સ્ટેજ પર આધારિત શિક્ષણ અને વિકાસની પ્રવૃત્તિ અનુભવી શકવું જોઈએ (જૂઓ 'તેઓની વયવૃદ્ધિ સાથે અભ્યાસ' પાના નં. 12)

### સંભાળની સારી ગુણવત્તા વિષે મને ખાત્રી કેમ થાય?

હંમેશા રજીસ્ટર્ડ થયેલ દિવસ પર્યંતના શિશુગૃહનો ઉપયોગ કરો જેથી તેઓની ચકાસણી ઑફસ્ટેડ દ્વારા થતી હોય તેની ખાત્રી થાય (જૂઓ પાના નં. 14), ઉપરાંત નિ:શુલ્ક સીમિત સમયનું પ્રારંભિક શિક્ષણ સંતોષકારક છે તેની ચકાસણી થાય. બાળકોની ઉંમર પ્રમાણે તેમના ગ્રુપ બનાવવામાં આવશે અને સંભાળ રાખનાર દ્વારા તમારા બાળકનું જરૂરી ધ્યાન રહે તે માટે સંસ્થાપિત પ્રમાણમાં શિક્ષક / બાળકોનો ગુણોત્તર રખાય છે (જૂઓ પાના નં. 6). દિવસ પર્યંતના શિશુગૃહમાં આવડતવાળા કર્મચારીઓ હોય છે અને સાધારણ રીતે 25 થી 40ની વચ્ચે બાળકો સ્વીકારે છે.

### મને કેટલો ખર્ચ થશે?

બે વર્ષની નીચેના બાળકો માટે પુરા સમયનો ખર્ચ અઠવાડિયાના સરેરાશ £197 (લંડનમાં) અને £148 (અન્ય જગ્યાએ) આવશે, પરંતુ દેશમાં જુદી જુદી જગ્યાએ ભાવ ફરક હોઈ શકે છે. તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા તમને સ્થાનિક ખર્ચ વિષે ચોકસાઈભરી જાણકારી આપી શકશે.

### શું તે મારા માટે છે?

• જ્યાં યોગ્યતાવાળા કર્મચારીઓ હોય ત્યાં મારા બાળકને મૂકી આવવામાં હું આનંદ અનુભવું છું
• આખા વર્ષ દરમ્યાન જે સંસ્થા ખૂલી રહેતી હોય તેવાની મારે જરૂર છે
• મારા કલાકો તેના ખૂલવાના સમયને અનુરૂપ છે
• મારે જાણવું જરૂરી છે કે કોઈ તો મારા બાળકની હંમેશાં સંભાળ રાખવા હાજર છે - જો એક સંભાળ રાખનાર અસ્વસ્થ હોય તો બીજો તેની જગ્યાએ હશે
• મારા માટે કટોકટીમાં સંભાળ રાખનાર છે - અસ્વસ્થ બાળક દિવસ પર્યંતના શિશુગૃહમાં હાજરી ન આપી શકે
• મારું બાળક અન્ય અનેક બાળકો સાથે હોય અને વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લે તેમ હું ઇચ્છું છું
• મારા બાળકને જુદા જુદા રમકડાં, સાધનો અને ઉત્સાહ મળે તેમ હું ઇચ્છું છું
• મને લાગે છે કે નવા અનુભવ માટે મારું બાળક તૈયાર છે

### દિવસ પર્યંતના શિશુગૃહને પૂછવાના પ્રશ્નો

સંભાળ રાખનારાઓનો અને બાળકોનો ગુણોત્તર શું છે? નિયમો યાદ રાખો : બે વર્ષની નીચેનાઓ માટે ત્રણ બાળકો દીઠ એક સંભાળ રાખનાર; બે વર્ષનાઓ માટે ચાર બાળકો દીઠ એક સંભાળ રાખનાર અને મોટી વયનાઓ માટે આઠ બાળક દીઠ એક સંભાળ રાખનાર
દૈનિક કાર્યક્રમ શું હોય છે?
મારું બાળક ક્યાં જમશે / રમશે / ઊંઘશે?
કર્મચારી વર્ગના એકને, દરેક કક્ષની તમને મુલાકાત કરાવવા કહો.
તે સ્વચ્છ, ઉજાસવાળી અને સરખી મોટી છે?
બાળકોની યોગ્ય દેખરેખ રખાય છે?
તેઓ આનંદિત અને ધ્યેયલક્ષી લાગે છે?
ત્યાં ઘણી બધી પ્રવૃત્તિ ચાલી રહી છે?
દીવાલ પર નકશાં / ચિત્રો માટે નજર કરો. ઉત્સાહવર્ધક રમકડાં અને પુસ્તકો દેખાવા વિષે શું પરિસ્થિતિ છે?
શું તમારા બાળકને મકાનની બહાર લઈ જવામાં આવશે? ક્યાં ક્યાં લઈ જવામાં આવશે તે દાખલા તરીકે પૂછો.
પૌષ્ટિક આહાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે?
તેઓની પ્રવૃત્તિની દૈનિક નોંધ તમે રાખશો?
શું તમે શાળાએથી લઈ આવવાની અને શાળા બહારની દેખભાળ ઉપલબ્ધ કરાવો છો? અમુક શિશુગૃહ આમ કરે છે.
બાળકને લઈ જવામાં તમને મોડું થાય તો તે માટે દંડ છે?

### આ પણ યાદ રાખો ...

તમારા બાળકની ઉંમરના વૃંદ માટે શિશુગૃહમાં જગા છે તેની ચોકસાઈ કરો. દાખલા તરીકે, અમુક શિશુગૃહમાં બે વર્ષથી નીચેના બાળકોને લેતા નથી. અઠવાડિયાના કેટલા દિવસ માટે તમારે દિવસ પર્યંત સંભાળની જરૂર છે તે તેઓને જણાવો.
શિશુગૃહ મુખ્ય સંભાળ રાખનાર પદ્ધતિનું સંચાલન કરે છે કે નહીં તેની જાણકારી મેળવો - જેમાં એક એક બાળક કર્મચારી વર્ગના એક ખાસ સભ્યને સોંપવામાં આવે છે.
ફરી એક વાર 'જોવા' જાવ.
તમારા બાળકને સાથે લેતા જાવ જેથી જાણી શકાય કે તે બીજા બાળકો, કર્મચારી અને ત્યાંના વાતાવરણમાં કેવી રીતે ભળી શકે છે.

**વધુ માહિતી માટે...** તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થાનો સ્થાનિક દિવસ પર્યંતના શિશુગૃહની સૂચી માટે, (ચાઈલ્ડકૅરલીન્કના **0800 096 02 96** નંબર પર થઈને) સંપર્ક કરો
રાષ્ટ્રીય દિવસ પર્યંતના શિશુગૃહ એસોસિએશન : **0870 774 4244** નંબર પર ફોન કરો અથવા **www.ndna.org.uk** ની મુલાકાત લો.
નિ:શુલ્ક સીમિત સમય પ્રારંભિક શિક્ષણ માટેનો પ્રસ્તાવ - જૂઓ પાના નં. 2
કર રાહત માહિતી - જૂઓ પાના નં. 16

**શિશુગૃહ શાળાઓ અને વર્ગો**
**હકીકત**
• શિશુગૃહ શાળાઓ અને શિશુગૃહ વર્ગો ત્રણ અને પાંચ વર્ષની વચ્ચેના બાળકોને પ્રારંભિક શિક્ષણ અને બાળસંભાળ ઉપલબ્ધ કરાવે છે (અમુક અઢી વર્ષના બાળકોને સ્વીકારે છે).
• અમુક શાળાઓ અને વર્ગો રાજ્ય શિક્ષણ પદ્ધતિના ભાગરૂપ હોય છે, અન્ય અંગત અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત હોય છે. તેઓ દ્વારા લેવામાં આવતી ફીસ દેશભરમાં જુદા જુદા સ્તરે હોય છે.
• શિશુગૃહ શાળાઓ શાળાના સમય દરમ્યાન ખૂલ્લી હોય છે, સાધારણ રીતે સત્રના સમય દરમ્યાન, સવારના 9.00 થી બપોરના 3.30 સુધી પુરા અથવા અર્ધ-દિવસની બેઠક તરીકે
• તમારા બાળકને બર્થ ટુ થ્રી મેટર્સ ફ્રેમવર્ક ઍન્ડ ધી ફાઉન્ડેશન સ્ટેજ (જૂઓ 'વયવૃદ્ધિ સાથે અભ્યાસ' પાના નં. 12) પર આધારિત, તેમની ઉંમરને અનુરૂપ અભ્યાસ અને વિકાસની પ્રવૃત્તિનો અનુભવ થવો જોઈએ.
• અમુક સંસ્થાઓ સત્ર સમય દરમ્યાન શાળાના સમય પહેલાં અથવા પછી અને શાળાઓની રજા દરમ્યાન શાળા બહારની સંભાળ લેવાનો પ્રસ્તાવ રજૂ કરે છે.

**સારી ગુણવત્તાવાળી સંભાળની હું કેવી રીતે ખાત્રી કરી શકું?**
બધી શિશુગૃહ શાળાઓ અને વર્ગો દ્વારા અપાતું નિ:શુલ્ક સીમિત સમયનું પ્રારંભિક શિક્ષણ સંતોષજનક હોવાની ચકાસણી ઑફસ્ટેડ (જૂઓ પાના. નં.14) દ્વારા કરવામાં આવે છે. શાળા અથવા વર્ગોની ક્ષમતા જુદી જુદી હોઈ શકે છે, પરંતુ દર 13 બાળકો માટે એક સંભાળનાર રાખવામાં આવે તે જરૂરી છે, અને ટીમમાં આવડતવાળા શિક્ષકો અને નર્સરી મદદકર્તા હોવા જોઈએ.

**મને શું ખર્ચ આવશે?**
જો તે રાજ્ય શિક્ષણનો ભાગ હોય તો નિ:શુલ્ક હોય છે (ભોજન અને બહાર ફરવાના ખર્ચને છોડીને). અન્ય શિશુગૃહો અંગત અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત હોય છે અને ફીસ લેવામાં આવે છે. મોટા ભાગના ત્રણ અને ચાર વર્ષનાઓ માટે નિ:શુલ્ક સીમિત સમયના પ્રારંભિક શિક્ષણ માટે જગ્યાની વ્યવસ્થા કરે છે. ખર્ચના અંદાજ માટે જૂઓ પાના નં. 18.

**શું તે મારા માટે છે?**
• મારા માટે મારું બાળક તેની ઉંમરના બાળકો સાથે ભળે તે અગત્યનું છે
• હું રાષ્ટ્રીય શિશુગૃહ શાળાની નજદીક રહું છું (તેથી નિ:શુલ્ક છે)
• મારા કામના કલાકો શાળા ખૂલવાના અને સત્રના સમયને અનુકૂળ છે
• મારા બાળકને આવડતવાળા શિક્ષકો ભણાવશે તે હકીકત મને બહું ગમી
• હું સંભાળની અસ્ખલિતતાની શોધમાં છું
• મારે જાણવું જરૂરી છે કે કોઈ તો મારા બાળકની હંમેશાં સંભાળ રાખવા હાજર છે - જો એક સંભાળ રાખનાર અસ્વસ્થ હોય તો બીજો તેની જગ્યાએ હશે
• મારા બાળકને જુદા જુદા રમકડાં, સાધનો અને ઉત્સાહ મળે તેમ હું ઇચ્છું છું
• મને લાગે છે કે નવા અનુભવ માટે મારું બાળક તૈયાર છે

**શિશુગૃહ શાળાને પૂછવાના પ્રશ્નો**
*કર્મચારી વર્ગના એકને કહો કે તમને દરેક જગ્યા ફેરવીને બતાવે.*
શું રૂમો સ્વચ્છ, ઉજાસવાળી અને સરખી મોટી છે?
શું બાળકો આનંદિત અને ધ્યેયલક્ષી લાગે છે?
રમકડાં / પુસ્તકો / રાચરચીલું સારી સ્થિતિમાં છે?
કર્મચારી વર્ગના એકને કહો કે તે તમારી સાથે દિવસ / કાર્યવાહી દરમ્યાન વાતચીત કરે.
તમે કયા પ્રકારની પ્રવૃત્તિનું આયોજન કરો છો?
શું યોગ્ય સુવાની વ્યવસ્થા છે?
બાળકને બહાર રમવાની તક મળે તેમ છે?
મારા બાળકની ઉંમરના બીજા કેટલાં બાળકો હશે?
બીજા કશા વધારાના ખર્ચ છે?
હું કેવી રીતે કાર્યરત થઈ શકું?
તેઓ ક્યાં જાય છે (દા. ત. બગીચામાં, તરવા માટે)?
મારું બાળક વ્યવસ્થિત રીતે થાળે પડે છે તેની મને કેવી રીતે ખાત્રી થાય?
તેઓ શું કરે છે તેની દૈનિક નોંધ તમે રાખો છો?
બાળકોની યોગ્ય દેખરેખ રખાય છે?

**આ પણ યાદ રાખો ...**
જ્યારે શિશુગૃહ શાળ પૂરજોશમાં ચાલતી હોય ત્યારે મુલાકાત લો. તેનાથી તમને મહોલ અને વાતાવરણની જાણકારી પ્રત્યક્ષરૂપે થશે.
ફરી એક વાર જોવા જાવ.

તમારા બાળકને સાથે લેતા જાવ જેથી જાણી શકાય કે તે બીજા બાળકો, કર્મચારી અને ત્યાંના વાતાવરણમાં કેવી રીતે ભળી શકે છે.
શાળાઓ કેવા પ્રકારના મદદનીશોને નોકરીએ રાખે છે અને સંભાળની અસ્ખલિતતા કેવી છે તેની જાણકારી મેળવાહ. બહુ જ ઝડપથી બદલાતો કર્મચારીગણ નાના બાળકને અસમંજસતામાં મૂકી દે છે.

**વધુ જાણકારી મેળવો ...**
તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થાનો સ્થાનિક શિશુગૃહ શાળાની સૂચી માટે, ચાઈલ્ડકૅરલીન્કના નિ:શુલ્ક **0800 096 02 96** નંબર પર થઈને, સંપર્ક કરો
રાષ્ટ્રીય દિવસ પર્યંતના શિશુગૃહ એસોસિએશન : **0870 774 4244** નંબર પર ફોન કરો અથવા **www.ndna.org.uk** મુલાકાત લો.
ફૉરમ ફૉર મેઈન્ટેન્ડ નર્સરી સ્કુલસ્ ઍન્ડ ચીલ્ડ્રનસ્ સેન્ટર્સ : **www.early-education.org.uk/nsfnewhome.htm**

**પ્રી-સ્કુલસ્ અથવા રમતગમત ગ્રુપસ્**
**હકીકત**
• પ્રી-સ્કુલસ્ અથવા રમતગમત ગ્રુપસ્ ત્રણ અને પાંચ વર્ષની વચ્ચેનાં બાળકોને સંભાળ અને મોટા ભાગનાં પ્રારંભિક શિક્ષણ ઉપલબ્ધ કરાવે છે.
• પ્રી-સ્કુલસ્ અથવા રમતગમત ગ્રુપનું આયોજન લોકસમાજ અથવા સ્વૈચ્છિક ગ્રુપ દ્વારા, ઘણી વખત મા-બાપની મદદ વડે, નફા વગર કરવામાં આવે છે.
• સત્રના સમય દરમ્યાન, દરરોજ અથવા અઠવાડિયાના ઘણા દિવસો માટે, અઢી કલાક થી ચાર કલાક માટેનો કાર્યકારી ગાળો ઉપલબ્ધ કરાવે છે
• તમારા બાળકને બર્થ ટુ થ્રી મેટર્સ ફ્રેમવર્ક ઍન્ડ ફાઉન્ડેશન સ્ટેજ (જૂઓ 'વયવૃદ્ધિ સાથે અભ્યાસ' પાના નં. 12) પર આધારિત, તેમની ઉંમરને અનુરૂપ અભ્યાસ અને વિકાસની પ્રવૃત્તિનો અનુભવ થવો જોઈએ.
• તમારી બાળસંભાળ વિસ્તારવા માટે પ્રી-સ્કુલ એક સારો રાહ છે અને તેમાંની કેટલીક શાળાઓ પોતાની સેવાઓનો વિકાસ લાંબા ગાળાના સમય માટે અથવા દિવસ દરમ્યાનની પૂર્ણ સંભાળ માટે કરી રહ્યા છે.

**સંભાળની સારી ગુણવત્તા વિષે મને ખાત્રી કેમ થાય?**
રજીસ્ટર્ડ પ્રી-સ્કુલ અથવા રમતગમત ગ્રુપ દ્વારા સંભાળની ગુણવત્તા અને નિ:શુલ્ક સીમિત સમયનું પ્રારંભિક શિક્ષણ કેવું અપાય છે તેની તપાસ નિયમિત ધોરણે ઑફસ્ટેડ દ્વારા કરવામાં આવે છે (જૂઓ પાના નં. 14).
મોટા ભાગની પ્રી-સ્કુલ અથવા રમતગમત ગ્રુપ ચોવીસ થી અઠ્ઠાવીશ બાળકોનો સમાવેશ કરે છે. ત્રણ થી પાંચ વર્ષના દર આઠ બાળકો દીઠ એક કર્મચારી વર્ગનો સભ્ય હોવો જરૂરી છે.
મોટાભાગના કર્મચારીઓ બાળકો સાથે કામ કરવાની કાબેલિયતવાળા હોય છે અથવા તેઓ કાબેલિયત મેળવી રહ્યા હોય છે.

**મને કેટલો ખર્ચ થશે?**
દરેક કાર્યવાહી કાળ દીઠ £3 થી £5, પરંતુ બને તેટલો ઓછો રાખવામાં આવે છે. ઘણા તમને અર્ધ સત્ર માટે અગાઉથી વરદી આપવાનું કહેશે. દેશભરમાં ખર્ચ બાબત ફરક પડે. તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા સ્થાનિક ખર્ચ અંગેની છેલ્લામાં છેલ્લી માહિતી તમને આપશે.

**શું તે મારા માટે છે?**
• મારી ચાઈલ્ડમાઈન્ડર મારા બાળકને પ્રી-સ્કુલ લઈ જશે (હયાત બાળસંભાળ વ્યવસ્થામાં તેઓ પૂરક બની રહેશે)
• તેઓ બીજા બાળકો સાથે હળશે ભળશે અને મિત્રો બનાવશે તે ઘણું સારું છે તેવું હું માનું છું
• જરૂરતથી વધુ સમય માટે હું મારા બાળકને રાખવા નથી માગતો
• મારી પાસે ફાજલ સમય છે, અને હું રમતગમત ગ્રુપ સાથે આવૃત થઈ અને મદદ કરવા માગુ છું
• મારા બાળકને જુદા જુદા રમકડાં, સાધનો મળે અને ઉત્સાહ સાંપડે તેવું ઇચ્છું છું
• મારા કામના કલાકો શરૂ તથા સમાપ્ત થતાં સમય સાથે સુસંગત છે
• જ્યાં કેળવાયેલા વ્યવસાયીઓ છે તે સ્થળે મારા બાળકને છોડીને જતાં મને આનંદ થાય છે.
• મારે જાણવું જરૂરી છે કે કોઈ તો મારા બાળકની હંમેશાં સંભાળ રાખવા હાજર છે - જો એક સંભાળ રાખનાર અસ્વસ્થ હોય તો બીજો તેની જગ્યાએ હશે

**પ્રી-સ્કુલ / રમતગમત ગ્રુપને પૂછવાનાં પ્રશ્નો**

**કર્મચારી વર્ગ શી કાબેલિયત ધરાવે છે?**
મારું બાળક જે શિક્ષણ અને વિકાસ પ્રવૃત્તિમાં ભાગ લેશે તે સંબંધી તમે મારી સાથે ચર્ચા કરી શકશો?
મારું બાળક કઈ હદે થાળે પડ્યું છે તેની મને કેવી રીતે ખબર પડે?
આ પ્રકારની સંભાળ મારા બાળક માટે બરાબર છે તે જાણવા હું ઓછામાં ઓછા બે કાર્યવાહી કાળ દરમ્યાન હાજર રહી શકું છું?
કેટલા બાળકોની તમે સંભાળ રાખો છો?
મકાન / કક્ષ સારી હાલતમાં રખાયેલ છે (ખાસ કરીને જો તે બીજા કામ માટે ઉપયોગમાં લેવાતા હોય તો. દા. ત. ચર્ચ હૉલ)?
શું ત્યાં ખૂબ રમકડાં અને સાધનો છે?
મા-બાપને સંમિલિત કરવા માટે કેટલું મહત્ત્વ અપાય છે - શું હું સંમિલિત થઈ શકું છું?
હરવા ફરવાની પ્રવૃત્તિ પર કેવી રીતે દેખરેખ રખાય છે?
તેઓ શું કરે છે તેની દૈનિક નોંધ તમે રાખશો?
શું બાળક પર બરોબર દેખરેખ રખાય છે?

**આ પણ યાદ રાખો ...**
વિલંબ અને નિરાશા ટાળવા તમારા બાળકનું નામ પ્રી-સ્કુલની સૂચીમાં વહેલી તકે નોંધાવી દો. તેઓ બહુ પ્રખ્યાત છે.
લીડર યોગ્ય લાયકાત ધરાવે છે તેની ખાત્રી કરો. રાષ્ટ્રીય ધોરણો જણાવે છે કે પ્રારંભિક વર્ષોની સંભાળ અને શિક્ષણ માટે તેઓએ ત્રીજા સ્તરની કાબેલિયત મેળવેલી હોવી જોઈએ, ઉપરાંત પ્રશિક્ષિત મદદનીશ કર્મચારીઓ હોવા જોઈએ.

ઉચ્ચ સ્તરની સુવિધા હોવા વિષે તપાસ કરો.
બેસીને કરવાની પ્રવૃત્તિઓ માટેની જગ્યા શાંતિમય હોવી જોઈએ (જેમ કે રચનાત્મક રમકડાંની રમત, કોયડાં, ચિત્રકામ અને વાર્તાનો સમય), મુક્ત રીતે રમવાં માટેની જગ્યા, અને વધારાની શારીરિક રમતો માટેની જગ્યા જેમ કે ઠેલણગાડી ચલાવવા માટે.

**વધુ જાણકારી મેળવો ...**
તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થાનો સ્થાનિક પ્રી-સ્કુલ અથવા રમતગમત ગ્રુપની સૂચી માટે, ચાઈલ્ડકૅરલીન્કના નિ:શુલ્ક **0800 096 02 96** નંબર પર થઈને, સંપર્ક કરો
પ્રી-સ્કુલ શિક્ષણ સંગઠનને ફોન કરો : **020 7833 0991** અથવા **www.pre-school.org.uk** ની મુલાકાત લો.

**સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રો**
**હકીકત**
• સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રો નવા છે - તેઓ પાંચ વર્ષથી નીચેના બાળકો માટે સંપૂર્ણ દિવસ પર્યંતનું પ્રારંભિક શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા પુરી પાડે છે.
• તેઓ કૌટુંબિક ટેકો પૂરો પાડી શકે છે અને મા-બાપના સંપર્કમાં રહે છે, ચાઈલ્ડમાઈન્ડર્સ માટેનું સ્થળ છે, અને જોબસૅન્ટર પ્લસ, બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) અને વધારાના શિક્ષણ માટેની સંસ્થા સાથેની કડી પણ છે.
• તેઓ વર્ષના ઓછામાં ઓછા 48 અઠવાડિયા માટે ખુલ્લા હોય છે, અઠવાડિયાના પાંચ દિવસ, દિવસના દશ કલાક.
• ઈંગ્લેન્ડમાં 250 કેંદ્રો ખૂલી ગયા છે. 2008ની સાલ સુધીમાં 2,500 ખૂલશે અને 2010 સુધીમાં દરેક જનસમાજ માટે એક હશે.
• સ્યુરસ્ટાર્ટના સ્થાનિક કાર્યક્રમને અંતર્ગત, નાઈબરહુડ નર્સરીસ્ અને અર્લી એક્સલેન્સ સૅન્ટર દ્વારા ઘણા કેંદ્રો વિકસાવવામાં આવશે અને અંગત / સ્વૈચ્છિક સંસ્થા ભાગ લઈ શકે તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે.

**સંભાળની સારી ગુણવત્તા વિષે મને ખાત્રી કેમ થાય?**
દરેક કેંદ્રોની ચકાસણી તથા તપાસ ઑફસ્ટેડ દ્વારા કરવામાં આવશે. નૈંધ : કેંદ્ર તાજેતરમાં જ ખૂલ્યુ હશે તો કદાચ તેની ચકાસણી નહીં થઈ હોય. તમારે તપાસ કરવી રહી.

**મને કેટલો ખર્ચ થશે?**
બધાં કેંદ્રો જુદી જુદી રીતે સંચાલિત હશે માટે કર્મચારી વર્ગ સાથે વાત કરો. કદાચ તમારે બાળસંભાળ માટે ચૂકવણી કરવી પડે, પણ તે તમારી પરિસ્થિતિ પર આધાર રાખે છે, ઉદાહરણ તરીકે તમે કામ પર જાવ છો અથવા રાજ્ય આગળ રાહત માટે દાવો કરો છો.

**શું તે મારા માટે છે?**
• હું આખો દિવસ કામ કરું છું અને ભરોસો રાખી શકાય તેવા કાબેલ કર્મચારીની મને જરૂરત છે
• સંભાળ લેવાતા સમયે મારું બાળક શિક્ષણ મેળવે એમ હું ઇચ્છું છું (જેથી તેમને શાળા માટે સારી શરૂઆત રહે)
• હું કામ કરતો નથી અને અન્ય મા-બાપ, સંભાળ રાખનારા અને બાળકોને મળવા ઇચ્છું છું
• કેળવાયેલ લોકો પાસેથી મારે સ્વાસ્થ્ય સંબંધી સલાહ મેળવવી છે
• મારે પ્રશિક્ષણ અને નોકરીની ભાવી તકો સંબંધી વધુ જાણકારી મેળવવી છે
• મારે ફક્ત એક જ જગ્યાએથી મારા બધાં બાળકોની સંભાળ સંબંધી જરૂરિયાત, સલાહ અને મદદ મેળવવી છે

**સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રોને પૂછવાનાં પ્રશ્નો**
કેટલા સમયથી આ કેંદ્ર કામ કરે છે?
બાળસંભાળ ઉપરાંત બીજી શી સગવડ મળી શકે તેમ છે?
કેટલા બાળકો સંભાળ માટે રજિસ્ટર કરવામાં આવેલ છે?
જે બાળકો ઝાડો-પેશાબ સંબંધી અજ્ઞાત છે તે માટેની શી વ્યવસ્થા છે?
સલામત, સાફ, સ્વચ્છ વાતાવરણ જાળવવામાં આવે છે?
આમાંની કોઈ પણ સેવા અંગે મારે ચૂકવણી કરવી પડશે?
કેંદ્રમાં હું કેવી રીતે સંમિલિત થઈ શકું છું?
બાળકોની યોગ્ય દેખરેખ રખાય છે?

બાળસંભાળ અંગેના વધુ પ્રશ્નો માટે, જૂઓ દિવસ પર્યંતના શિશુગૃહ વિભાગ પાના નં. 5 પર

**સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રોનો કોણ ઉપયોગ કરી શકે છે?**
તમે કેંદ્રનો ઉપયોગ કરવા માટે લાયકાત ધરાવો છો : જો તમે સગર્ભા હો, પાંચ વર્ષની અંદરની ઉંમરના બાળક / બાળકોના મૉંતા / પિતા અથવા સંભાળનાર હો. વયસ્ક શિક્ષણ તથા નોકરી સંબંધી સલાહ કેંદ્ર ઉપલબ્ધ કરાવે છે. તમારા ક્ષેત્રમાં આવેલ કેંદ્ર અને તેઓ શું ઉપલબ્ધ કરાવે છે તે વિગતોની જાણકારી માટે તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા સંસ્થાનો સંપર્ક કરો.

**આ પણ યાદ રાખો ...**
બાળકોના રક્ષણ, સ્વાસ્થ્ય અને સલામતી સંબંધી નીતિ અને તેની જાણકારી બધાંને કેવી રીતે આપવામાં આવે છે તે વિષે પૂછો.
વિશેષ જરૂરિયાત માટે કર્મચારી કેટલાં તૈયાર છે તે તપાસો. તમારું બાળક બીમાર પડે તો શું થાય (કટોકટીની કાર્યવાહી?) અને શું તેઓ પ્રાથમિક સારવાર માટેનું અદ્યતન પ્રમાણપત્ર ધરાવે છે?
મકાનમાં ચારે બાજુ ફરી તપાસી લો કે તે સલામત અને ઉત્સાહપ્રેરક છે.

**વધુ જાણકારી મેળવો ...**
તમારા ક્ષેત્રમાં કોઈ કેંદ્ર ચાલુ છે અથવા કોઈ યોગ્ય વિકલ્પ માટે, તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થાનો ચાઈલ્ડકૅરલીન્કના નિ:શુલ્ક **0800 096 02 96** નંબર પર થઈને, સંપર્ક કરો.
સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રો અંગેની વધારે વિગતો માટે **www.surestart.gov.uk/surestartservices/childrenscentres/** ની મુલાકાત લો

**શાળા-આધારિત બાળસંભાળ**
**હકીકત**
• ઘણી શાળાઓ સામાન્ય સ્કૂલ દિવસ ઉપરાંત ઘણી બધી પ્રવૃત્તિઓ ઉપલબ્ધ કરાવે છે. આમાં સામાન્ય બાળસંભાળથી માંડીને સંગીત, કળા, રમતગમત યા અભ્યાસમાં વધારાનો ટેકો આપવા સુધીની હોય છે. આ કારણસર શાળા સવારે 8.00 થી માંડીને સાંજે 6.00 વાગ્યા સુધી ખુલ્લી હોય છે, રજાના દિવસોમાં પણ.
• તમારા કામના કલાકોને અનુલક્ષીને તમે તમારા વિકલ્પ તરીકે સંયોજન કરી શકો છો, શિરામણ ક્લબ (સાધારણ રીતે સવારે 8.00 થી ખુલ્લુ હોય છે), શાળા-બહારના ક્લબ (સહજ રીતે બપોરે 3.30 થી 6.00 સુધી) અને રજા દરમ્યાન રમતગમતની યોજના (સવારે 8.00 થી સાંજે 6.00 સુધી), જે સત્રના સમય બાદ પણ ચાલે છે.
• તેનો એ મતલબ નથી કે બાળકોએ વધારે સમય માટે ભણવું પડશે અથવા શિક્ષકોએ વધારાના કલાક કામ કરવું પડશે. ઘણી શાળાઓ પોતે જ બાળસંભાળનું આયોજન કરે છે. અન્ય શાળાઓ સ્થાનિક સ્વૈચ્છિક ગ્રુપ, અંગત રીતે પુરી પાડનારાઓ અને ચાઈલ્ડમાઈન્ડર્સોની સહાયથી કામ કરે છે, જેઓ કર્મચારી અને સુવિધા પણ પુરી પાડે છે.
• શાળા બહારના ક્લબ અને કેદ્રો બાળકો માટે શાળાના દિવસો બાદની પ્રવૃત્તિ પૂરી પાડે છે. ઘણી વખત આ પ્રવૃત્તિઓ શાળામાં જ ચાલતી હોય છે પણ તેવી પ્રવૃત્તિઓ યુવા ક્લબો, જનસમાજ કેંદ્રો અને શિશુગૃહમાં પણ હોય છે.
• સરકાર, બધી જ શાળાઓ 2010 સુધીમાં વધારાની પ્રવૃત્તિ ઉપલબ્ધ કરાવે તેવું માગે છે, જેથી બધા જ બાળકો અને મા-બાપ તેનો લાભ લઈ શકે. ઓછામાં ઓછું સવારે 8.00 થી સાંજે 6.00 સુધી શાળાના દિવસ પહેલાં અને પછી અને રજાઓના દિવસોમાં (વર્ષમાં 48 અઠવાડિયા માટે) બીજી પ્રવૃત્તિઓ સહિત બાળસંભાળ ઉપલબ્ધ રહેશે.

**શું તે મારા માટે છે?**
• હું શાળા અને કામના કલાકો વચ્ચેના વિપરીત અંતરને જોડવાની કોશિશમાં છું
• એ મારા માટે પરવડે તેવો વિકલ્પ છે
• નવા મિત્રો સાથે રમવાનો મોકો મળશે તો મારા બાળકને ગમશે
• એક વખત 'મૂકવા આવે' અને મારું બાળક જે જગ્યાએ ટેવાયેલું હોય તે જ જગ્યાએ તે અથવા તેણી રહે એમ હું ઇચ્છું છું
• રજાના દિવસોમાં મને આવરી લેવામાં આવતો નથી.
• મને આનંદ છે કે મોટી ઉંમરના બાળકો ત્યાં હશે
• સવારે મારે વહેલાં કામે હાજર રહેવાનું હોય છે

**સંભાળની સારી ગુણવત્તા વિષે મને ખાત્રી કેમ થાય?**
શાળા-સ્થિત બાળસંભાળ આપતી બધી જ શાળાઓ રજીસ્ટર્ડ હોય છે અને ઑફસ્ટેડ દ્વારા તેની ચકાસણી કરવામાં આવે છે, અને એવી રીતે શાળા-બહારના ક્લબો, જો બાળકો આઠ વર્ષની અંદરના હોય અને વર્ષના છ દિવસ યા તેથી વધારે, દિવસના બે કલાકથી વધારે જો ખુલ્લા રહેતા હોય તો.

**મને કેટલો ખર્ચ થશે?**
તમારા સ્થાનિક ક્ષેત્રમાં પ્રસ્તુત કરાતી બાળસંભાળનો પ્રકાર અને મળતી આર્થિક સહાય પર ખર્ચ નક્કી થાય છે. સરેરાશ શાળા-બહારના ક્લબ માટે દિવસના £5-10 ચૂકવવાની ગણત્રી રાખો, શિરામણ ક્લબ માટે લગભગ £1, અને અંદાજે દિવસના £15, અથવા અઠવાડિયાના £75, હોલીડે પ્લેસ માટે. ખાનગી સંચાલિત રમતગમત યોજનાઓનો ખર્ચ વધારે હોય છે - અઠવાડિયાના લગભગ £150.

આઠ અને તેથી વધારે ઉંમરનાઓ માટે સેવા પુરી પાડતી ***ટીપ*** ક્લબ રજીસ્ટર્ડ હોતી નથી પણ સરકારની યોજના દ્વારા માન્ય 'ગુણવત્તાની ખાત્રી' હોય છે. જો રજીસ્ટર્ડ હોય તો, રમતગમતના કાર્યકરો માન્ય કરાયેલ હોય છે અને ઓછામાં ઓછા અડધા કર્મચારીઓ તાલીમ લીધેલ / કેળવાયેલા હોય છે.

**શાળા-બહારની બાળસંભાળને પૂછવાનાં પ્રશ્નો**
બાળકો શું કરે છે?
કળા, રમતગમત, સંગીત જેવી પ્રવૃત્તિઓ હોય છે?
તેઓની દેખરેખ કેવી રીતે થાય છે?
તેમનું વ્યક્તિગત ધ્યાન કેટલું રખાય છે?
તેઓ સ્વાધ્યાયની સુવિધા ઉપલબ્ધ કરાવે છે?
લીડર કોણ છે, અને તેને કયા પ્રકારની કાબેલિયત અને અનુભવ છે (તથા અન્ય કર્મચારીઓને)? તેમને મળવાનું અને તેમની સાથે વાત કરવાનું ગોઠવો.
કર્મચારીઓએ પ્રાથમિક સારવારની તાલીમ લીધી છે?
નાના બાળકો માટે અલાયદો વિભાગ છે? અમુક, મોટી ઉંમરના બાળકોના મોટા સમૂહમાં નથી ભળી શકતા.
શાંત વાતાવરણવાળી જગા, જ્યાં બાળકો આરામ કરી શકે તેનું શું?
હું સલામતી અને સાઈનીંગ-ઈન પુસ્તક કેમ કામ કરે છે તે જોઈ શકું છું?
ખાનગી સંસ્થા હોય તો, ચૂકવણી માટે શી વ્યવસ્થા છે?

**વધુ જાણકારી મેળવો...**તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થાનો, ચાઈલ્ડકૅરલીન્કના **0800 096 02 96** નંબર પર થઈને સંપર્ક કરો અથવા તમારા ક્ષેત્રની શાળા-આધારિત સંભાળ, શાળા-બહારની સંભાળ અને હોલીડે ક્લબ માટેની માહિતી માટે 4ચીલ્ડ્રનનો **020 7512 2112** નંબર પર સંપર્ક કરો.

**પસંદગી અને ગોઠવણી (Choosing and Arranging)**

તમને તથા તમારા બાળકને અનુકૂળ આવે તેવી સારા પ્રકારની બાળસંભાળ ખોળી કાઢવી અગત્યની છે, ખાસ કરીને જ્યારે ઘણાં પાસાંનો વિચાર કરવાનો હોય - સ્થળ કેવું હશે, તમારા બાળકને સાચે જ ત્યાં ગમશે? દરેક ક્ષેત્રમાં ઘણા બધા વિકલ્પો હશે - અગત્યનું એ છે કે તે બધામાં સંશોધન કરવા માટે તમે પુષ્કળ સમય લો. તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા સંસ્થા (સી.આઈ.એસ.) (નીચે જૂઓ) પાસેથી રજીસ્ટર્ડ બાળસંભાળ રાખનારી સંસ્થાઓની સૂચી બનાવો અને પૂછવા માટેના પ્રશ્નોની સૂચી તૈયાર કરો - બધાજ વિષે, કેંદ્રના ખૂલવાના સમયથી માંડીને તેમના સંબંધી નિર્દેશ મેળવવા સુધીના - જેથી સંભવિત બાળસંભાળ સંસ્થાની મુલાકાત લો ત્યારે પૂછી શકાય. અહીં અમે શરૂઆત કરવા બાબતના મુદ્દા રજૂ કરીએ છીએ - સલામતી બાબતના ચકાસણીના મુદ્દાની સાથે સાથે તમે તથા તમારા ભૂલકાંની એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં સરળતાપૂર્વક પસાર થવા બાબત ખાત્રી કરવા સુધી.

**વધુ માહિતી માટે...**ચાઈલ્ડકેર લિંક નં. **0800 096 02 96** ઉપર તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) વિભાગના નંબર માટે ફોન કરો જેઓ સ્થાનિક અને રજીસ્ટર્ડ થયેલ બાળસંભાળ સેવા સંસ્થાઓની સૂચી આપશે. બાળસંભાળની નકલ માટે અને પ્રારંભિક શિક્ષણ ચેકલીસ્ટ માટે **www.surestart.gov.uk/lookingforchildcare** ની મુલાકાત લો.

**બાળસંભાળ પસંદ અને નક્કી કરવામાં અમુક 'કરો' અને 'ન કરો'**
છેલ્લી ઘડી સુધી તેને ન છોડો. બાળસંભાળ માટે ભલે તમે તૈયાર ન હો, તમારી જાતને પસંદગી માટે પુષ્કળ સમય આપો. જો તે પ્રખ્યાત હોય તો, પ્રતીક્ષા સૂચીની ગણત્રી કરો; આયા અથવા ઘર સંભાળ રાખનારની નિયોજિત મુલાકાત અને કામે રાખવા અંગે કદાચ મહિનાઓ નીકળી જાય.
વિકલ્પોનું સંશોધન કરો. તમારા જનસમાજના રજીસ્ટર્ડ બાળસંભાળ રાખનારની સૂચી માટે તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.)ને ફોન કરો - સંપર્કની વિગતો માટે સામે જૂઓ. પાયાની જરૂરિયાતો લખી લો દા.ત. ખૂલવાના કલાકો, ખર્ચ, સ્થળ, અને જ્યારે ફોન કરો ત્યારે તેને તમારી શરૂઆતની પ્રશ્નાવલીમાં સામેલ કરો. તમે તરત જ થોડાકની બાદબાકી કરી નાખશો.
તમારા બાળકની ઉંમર અને પ્રતિભા વિષે વિચાર કરો (જૂઓ પાના નં. 12). નાનાં ભૂલકાં અને બે વર્ષની નીચેનાં બાળકો, જેઓને એક-માટે-એક હીસાબે ઘનીષ્ટ સંબંધની જરૂર છે, તેમના સંબંધે ખાસ કરીને સલાહભર્યુ છે. તમે તમારા બાળકને સારી રીતે જાણો છો, તેથી તમારી લાગણીને પણ ધ્યાનમાં રાખો.
આજુબાજુ ફરો. ઓછામાં ઓછી બે થી ત્રણ જગ્યાએ સંભાળ રાખનારની મુલાકાત લેવાનું લક્ષ્ય રાખો અને શું પ્રસ્તુત કરે છે તેની સરખામણી કરો. એવા સમયે ઔપચારિક નિયોજિત મુલાકાત ગોઠવો જ્યારે બાળકોનું વર્તન કેવું છે તે તમે જોઈ શકો, અને તૈયાર પ્રશ્નોની સૂચી સાથે રાખો - અમુક દ્રષ્ટાંત માટે નીચેનું પાનું જૂઓ. જ્યાં શક્ય હોય ત્યાં (ઉદાહરણ તરીકે, શિશુગૃહમાં) અચાનક જઈ ચડો, તેથી સાચે જ શું ચાલી રહ્યુ છે તે જોઈ શકાશે.
મિશ્ર સંભાળની અવગણના ન કરશો. જો રમતગમત ગ્રુપ, શિશુગૃહ ઈ. તમને અઠવાડિયાના પાંચ દિવસની સંભાળ ઉપલબ્ધ કરાવી શકે તેમ ન હોય તો, તમારી સંભાળને મિશ્ર કરવાનું વિચારો દા. ત. શિશુગૃહ (બે દિવસ) અને ચાઈલ્ડમાઈન્ડર / હિસ્સામાં આયા (ત્રણ દિવસ).
નિર્દેશોની ચકાસણી જરૂર કરો. આ અગત્યનું છે. મોટા ભાગના સંભાળ રાખનારાઓ (શિશુગૃહ, પ્રી-સ્કુલ સહિત, ઈ.) તમને બીજા મા-બાપનાં નામ ખુશીથી આપશે જેની સાથે તમે તેમના કામ અંગેની વાતચીત કરી શકો, તેથી મનની શાંતિ માટે નિર્દેશો અચૂક લો.
બેવડી ખાત્રી કરવા માટે દોષિત ભાવ ન રાખશો. એક વખત તમે તમારી પસંદગી સીમિત કર્યા બાદ ફરી બીજી અથવા ત્રીજી વખત મુલાકાતે જાવ. આથી તમારી બધી જરૂરિયાતો પુરી પાડવા બાબતની પુષ્ટિ કરવા માટે તમને સમય મળશે. અમુક સંભાળ રાખનારાઓ ઔપચારિક સમજૂતી કર્યા પહેલાં, કામ કેવું નીવડશે તે જોવા પ્રાયોગિક ધોરણે કામ કરવા માટે મંજૂર થશે.
એક વખત નિર્ણય લેવાયા બાદ બધું લેખિત મેળવો. શિશુગૃહ તમને સહી કરવા માટે એક કરાર / પત્ર આપશે, જેમાં ખર્ચ, નિયમો, કામના કલાકો ઈ. બાબતની વિગતો દર્શાવી હશે. સહી કરતાં પહેલાં ધ્યાનપૂર્વક તે વાંચો. ચાઈલ્ડમાઈન્ડર અને આયાઓને તમારે કરારપત્ર આપવાનો રહેશે. આ બાબતે વધારે વિગતો માટે નીચેનું પાનું જૂઓ.

**તમારા ક્ષેત્રમાં બાળસંભાળની શોધ...** ચાઈલ્ડકેર લિંકના નિ:શુલ્ક નં. **0800 096 02 96** ઉપર તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) વિભાગના સંપર્ક માટેની વિગતો માટે ફોન કરો, જેઓ પાસે સ્થાનિક અને રજીસ્ટર્ડ થયેલ બાળસંભાળ સેવા સંસ્થાઓ અને પ્રારંભિક શિક્ષણ સંસ્થાઓની અદ્યતન સૂચી હોય છે. અથવા **www.childcarelink.gov.uk**ની મુલાકાત લો.

**શેનું ધ્યાન રાખવું**

**તમારી ચકાસણીની સૂચી...**

***કાબેલિયત.*** સંભાળ રાખનાર / ટીમનો શો અનુભવ અને પ્રશિક્ષણ છે?
***મહોલ.*** તે સલામત છે, પોષક હોય તેવું લાગે છે, ત્યાં પાલતુ પ્રાણીઓ છે, ત્યાં ધૂમ્રપાનની મનાઈ છે? પૂરતી જગ્યા છે?
***આહાર.*** ખોરાકમાં શું છે? તાજા ફળો અને શાકભાજી? તેમને જોઈએ ત્યારે પાણી મેળવી શકે છે? ખાસ જરૂરિયાતો પુરી પાડવામાં આવે છે?
***દેખરેખ.*** કોણ દેખરેખ રાખે છે અને કેવી રીતે? કર્મચારી-બાળકનો ગુણોત્તર શું છે?
***સંવેદનાત્મક સંભાળ.*** દૈનિક ઘરેડ કેવી છે? તોફાની વર્તન સામે કેવી રીતે નિપટવામાં આવે છે? લેખિત નીતિ હોવી જોઈએ. શું કર્મચારીઓ ઉષ્માભર્યા, મળતાવળા, વહાલ દર્શાવતા છે?
***સાધનો.*** તે રચનાત્મક, વિવિધ, ઘણા બધા, ઊંચી ગુણવત્તાવાળા છે? પ્રદર્શીતતા વિવિધ સંસ્કૃતિનું સકારાત્મક દર્શન કરાવે છે? શારીરિક પ્રવૃત્તિઓ અંગે શું? બહાર સુરક્ષિત જગા છે? અગર નહીં તો બાળકો તાજી હવામાં ક્યાં રમશે?
***સ્વાસ્થ્યને લગતી ટેવો.*** પાયખાનાં અને બેશીન ચોખ્ખા, બાળકોના માપનાં છે? પોટી કેળવણી અને બાળોતિયાં બદલાવવા માટે સુવિધા છે?
***અપેક્ષાઓ.*** તમારી બધી પ્રવૃત્તિઓ જણાવો, જેમ કે કામકાજના કલાકો, સમય સાચવણી, ભોજન તૈયાર કરવું, કપડાં ધોવા, બેબી સીટીંગ. મોડેથી આવવા માટેની કોઈ નીતિ?
***સુરક્ષા.*** કટોકટી અથવા અકસ્માત વખતે શું બને છે? તે માટે સુરક્ષાની કઈ પદ્ધતિ અપનાવાય છે?

**કરાર અને નિયોજિત મુલાકાત**

તમારા કરારમાં શું સામેલ કરવું જોઈએ

**જો તમે સહી કરતા હો તો**

- તમારા બાળક માટે જગ્યા મેળવવા માટેની રોકવાની ફી અથવા ડિપૉઝિટ
- તમે આપતા હો તે રકમ અને તેમાં શું શું આવશે (દા. ત. નેપીસ, ખોરાક, સહેલ)
- તમારા બાળકની હાજરીના કલાકો / દિવસો
- તમારું બાળક અથવા સંભાળ રાખનાર બીમાર હોય તો તમે આપવાના હો તે રકમ

**જો તમે નોકરીએ રાખતાં હો તો**

- કામનું વર્ણન અને કામના કલાકો
- પગાર અને સંમત થયેલ ચૂકવણીની રીત
- નોકરીનો ગાળો (દા.ત. 6 મહિને ફરી કરી શકાય તેવો કરાર) અને નોટિસનો ગાળો
- બીમારી / રજાના પગાર, ખર્ચ બાબતની વિગતો
- અંગત મુદ્દા ઉમેરો જેમ કે ટીવી જોવાની મર્યાદા (દા.ત. રોજ નહીં), મીઠાઈ કે ફળોના રસ નહીં હોય

**કરાર માટેની વધુ જાણકારી માટે...** રાષ્ટ્રીય ચાઈલ્ડમાઈન્ડીંગ સંગઠનનો **0800 169 4486** નંબર પર ફોન કરો અથવા **www.ncma.org.uk** ની મુલાકાત લો. અથવા કરાર માટેની વધુ જાણકારી અથવા કાનૂની સલાહ માટે કામે જતાં કુટુંબો માટેની હેલ્પલાઈનને **0800 013 0313** નંબર પર ફોન કરો અથવા **www.workingfamilies.org.uk** ની મુલાકાત લો

**ઈન્ટવ્યુ અને મુલાકાત લેતી વખતે**

સંભવિત સંભાળ રાખનારાઓની નિયોજિત મુલાકાત અને બાળસંભાળ કેંદ્રોની મુલાકાત લેવી નિર્ણાયક હોય છે - તમને બાળકોનું ધ્યાન રાખવાની તેઓની રીતનો, તેઓને તમારા બાળક સાથે કેટલું અને કયા વાતાવરણમાં ફાવશે તેનો સારામાં સારો ખ્યાલ આપે છે. પાના નં. 8 થી 'તમારી પસંદગી' વિભાગમાં અમે તમારે અમુક ચોક્કસ પ્રકારના સંભાળ લેનારાઓને પૂછવાના પ્રશ્નો તૈયાર કર્યા છે. 'તમારી ચકાસણીની સૂચી' સામે જૂઓ જેમાં ચકાસણી કરવા માટેના સામાન્ય ક્ષેત્રો અને પૂછવાના પ્રશ્નો છે.

**તેમને મુકરર કરવા**

એક વખત તમે જોઈતી બાળસંભાળ નક્કી કરો, એટલે તમે જાણવા માગશો કે તેમાંથી ઉત્તમ પરિણામ કેમ મેળવવું. તમારા બાળકને સહેલાઈથી તેની અથવા તેણીની નવી ઘરેડમાં ગોઠવવા ઇચ્છશો - તમારા બાળસંભાળ રાખનાર સાથે તમારે સાચી દિશામાં આગળ વધવું હશે.
તમારા બાળકને સંભાળ રાખનારની દેખરેખમાં છોડવું તે તમારા અને તમારા બાળક માટે મોટું પગલું છે. અનુકૂળ થતાં સમય લાગશે, પરંતુ અત્રે જણાવ્યા મુજબ તેઓને બેચેનીમાંથી બહાર લાવવા અને આરામ અનુભવી શકે તે માટે તમે મદદરૂપ થઈ શકો છો.

- નવી બાળસંભાળ વ્યવસ્થા અથવા ઘરેલું બાળસંભાળ રાખનારની તમારા બાળક સાથે ઓછામાં ઓછી બે વખત મુલાકાત લો. તમે કામે જાતાં પહેલાં, તમારા બાળકને ત્રીસ મિનિટ માટે મૂકો અને તમે અદ્રશ્ય રહો; પછી ત્રીસ મિનિટ માટે તમે મકાનની આસપાસ રહેવાનો પ્રયત્ન કરો. કલાક સુધી સમય લંબાવો. બીજો વિકલ્પ : સંભાળની શરૂઆત બુધવારે કરો જેથી તેઓને પુરા અઠવાડિયા માટે શરૂઆત ન કરવી પડે.
- સંભાળ રાખનારને તમારા બાળકની જવાબદારી લેવા દઈ અને તેને જ તમારા બાળકને મદદ કરવા દો જેથી તમારું બાળક તેઓના ચહેરા, અવાજ અને સુરક્ષાથી પરિચિત થાય.
- ભૂલકાં અને મોટી ઉંમરના બાળકોને શેની અપેક્ષા કરવી તે માટે તૈયાર કરો. ઉદાહરણ તરીકે, ઘણા શિશુગૃહ યોગ્ય ઉંમરના બાળકો તેમના બૂટની દોરી બાંધે અને પોતાની મેળે જાજરૂ ઈ. જાય તેમ કહે છે.
- જ્યાં સુધી તમારું બાળક હેવાયું થાય નહીં ત્યાં સુધી ત્યાં જઈને પાંચ મિનિટ ફાળવો. આનાથી તમને, તેઓને ત્યાંની પ્રવૃત્તિઓમાં ભેળવવા માટે પૂરતો સમય આપશે.
- જો તમે ભૂલકાં અથવા નાના બાળકોને અન્ય સ્થળે મૂકવાં જાવ ત્યારે તેમની સાથે તેઓને બહુ માયા થઈ હોય તેવી અથવા ઓળખી શકે તેવી વસ્તુ ભેગી રાખો (મનપસંદ રમકડું અથવા શાલ)
- જ્યારે તમે બાળકને મૂકવા જાવ ત્યારે દુ:ખી ન થાવ અથવા તૂટી ગયા હો તેવા ન દેખાવ - તમારા મૂડ પ્રમાણે જ તેઓ વર્તશે. જ્યારે સંભાળ લેનાર આવે ત્યારે ઉત્સાહિત દેખાવ, ('જો કોણ આવ્યું!'), સરકીને જવાં કરતા હંમેશા અભિવાદન પાઠવીને જાવ (ફરકતાં રહેશો નહીં). તમારા ભૂલકાંઓને યાદ કરાવો કે તમે ચોક્કસ સમયે પાછા આવશો.
- તમારી આયાને તમે ભણવા અને રમવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાવી છે તેની ખાત્રી કરો દા.ત. રંગ, આકાર જુદા પાડવા, પેન, પુસ્તકો, ઈ. જેથી તેઓ કાર્યરત અને આનંદમાં રહે.

**વધુ માહિતી માટે...**બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણ ચકાસણીસૂચીની નકલો માટે જૂઓ **www.surestart.gov.uk/lookingforchildcare**

**વૃદ્ધિ સાથેસાથે અભ્યાસ**

દરેક માબાપને ખબર હોય છે કે દરેક બાળક આગવુ હોય છે અને તે અથવા તેણી પોતાની ગતિએ જ વિકાસ પામે છે. તમારા બાળકની ઉંમર અને વિકાસના તબક્કાને ધ્યાનપૂર્વક વિચારવાથી જ તેમના માટે સાચી બાળસંભાળ અને અભ્યાસનો મહોલ પસંદ કરવામાં મદદરૂપ થાય છે.
સંશોધન જણાવે છે કે જન્મથી ત્રણ વર્ષનો ગાળો તમારા બાળક માટે અગત્યનો છે, કારણ કે આ સમય દરમ્યાન જે અનુભવો તેને થાય છે તેની અસર તેના ભવિષ્ય પર પડે છે.

**શીખવાનું કેવી રીતે વિકાસ પામે છે તેની પગલાંવાર માર્ગદર્શિકા**
***0-8 મહિના*** આ સમય દરમ્યાન શિશુઓ માણસો અને મહોલનો પ્રતિસાદ પોતાના સંપૂર્ણ શરીરથી આપે છે. તેઓ નિરીક્ષણ કરે છે અને વાતાવરણને પ્રતિસાદ આપે છે અને તેમની આજુબાજુવાળાઓ સાથે સંપર્ક સાધે છે.
***8-18 મહિના*** પોતાની આસપાસ શું છે તેની જાણકારી મેળવવાનું હવે ધ્યેયજનક બને છે. આ એ સમય છે જ્યારે 'તેઓ બધે હોય છે'. તેઓ બેસશે, ઊઠશે, નિરીક્ષા કરશે અને જુદા જુદા શબ્દો શીખશે.
***18-24 મહિના*** આ તબક્કે બાળકો વધારે સ્વતંત્રતા અને હલનચલનનો સ્પષ્ટ આનંદ પ્રગટ કરતા હશે, રમત દ્વારા સંપર્ક સાધતા અને શીખતા હશે.
***24-36 મહિના*** હલનચલન કરવામાં, બોલવામાં અને દેખાવો કરવામાં તેમની યોગ્યતા વધુ અને વધુ પુરવાર થશે, અને પોતાનામાં અને સંબંધો સ્થાપવામાં વધુ વિશ્વાસ દર્શાવશે.

**જન્મથી ત્રણ વર્ષ અગત્યના છે**
જન્મ અને ત્રણ વર્ષ વચ્ચેનો ગાળો ખાસ કરીને અગત્યનો છે. આજકાલ ઘણા બાળકો ત્રણ વર્ષની ઉંમર પહેલાં થોડોઘણો સમય સંભાળ રાખનાર સાથે વીતાવતા હોવાના કારણે, સ્યુરસ્ટાર્ટે 'જન્મથી ત્રણ વર્ષ અગત્યના છે' તેને માર્ગદર્શિકા તરીકે તમારા બાળકની દરકાર રાખવા માટે તૈયાર કરી છે. એ અભ્યાક્રમ નથી, પણ એટલી જ અગત્યની છે જે તમારા સંભાળ રાખનારને નીચેના વિષય માટે વિચારવામાં મદદરૂપ થઈ પડે :

- તમારું બાળક
- તમારા બાળકની જરૂરિયાતો
- તમારું બાળક જે કામ કરવામાં આનંદ અનુભવે છે તે
- તમારા બાળકનો સમય બાળસંભાળના વાતાવરણમાં આનંદમય અને સર્જનશીલ બને તેની ખાત્રી કેવી રીતે આપી શકે.

જો તમે તમારા બાળકના જન્મથી ત્રણ વર્ષ વચ્ચેના વિકાસ વિષે વધુ વાંચવા રસ ધરાવતા હો તો જૂઓ 'જન્મથી ત્રણ વર્ષ અગત્યના છે' સ્યુરસ્ટાર્ટની વેબસાઈટ પર : **www.surestart.gov.uk/ensuringquality/birthtothreematters/**

**ઉંમર ત્રણ થી પાંચ**
**પાયાનો તબક્કો**
પાયાનો તબક્કો, રાષ્ટ્રીય અભ્યાસક્રમનો પહેલો ભાગ છે જે ત્રણ વર્ષથી પ્રાથમિક શાળાના રીસેપ્શન વર્ષના અંત સુધીની અદ્વિતીય જરૂરિયાતો પર પ્રકાશ પાડે છે. પાયાના તબક્કાનો અભ્યાસક્રમ બાળકોના રમતગમતના આનંદ પર રચવામાં આવ્યો છે - તે ઉત્સાહજન્ય પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ સંબંધી છે. પાયાના તબક્કામાં અભ્યાસના છ ક્ષેત્રો છે. અભ્યાસના દરેક ક્ષેત્રમાં અનેક વહેલું શીખવાના લક્ષ્ય રાખવામાં આવ્યા હોય છે, જે મોટાભાગના બાળકો અંત સુધીમાં પ્રાપ્ત કરે, તેવી ધારણા રાખવામાં આવે છે. પાયાનો તબક્કો, બાળકોની ધ્યેય તરફની પ્રગતિ બતાવવામાં મદદરૂપ પગદંડીના પથ્થર છે. પાયાના તબક્કા વિષે વધુ માહિતી માટે, સ્યુરસ્ટાર્ટ www.surestart.gov.uk/ensuringquality/foundationstage/ વેબસાઈટની મુલાકાત લો.

પાયાના તબક્કાના અભ્યાસના છ ક્ષેત્રો છે...

1 વ્યક્તિગત, સામાજિક અને સંવેદનાત્મક વિકાસ
2 સંદેશવ્યવહાર, ભાષા અને ભણતર
3 ગણિતશાસ્ત્રને લગતો વિકાસ
4 દુનિયા વિષેની જાણકારી અને સમજ
5 શારીરિક વિકાસ
6 રચનાત્મકલક્ષી વિકાસ

**યાદ છે!**
ત્રણ અને ચાર વર્ષની ઉંમરના બધાંય નિ:શુલ્ક સીમિત સમયના પ્રારંભિક શિક્ષણ માટે હક્કદાર છે (જૂઓ પાના નં. 2)

**મા-બાપ અભ્યાસમાં કેવી રીતે મદદ કરી શકે**

- જ્યાં પ્રારંભિક શિક્ષણનું માળખું અને માબાપ સાથે મળીને કામ કરતાં હોય છે ત્યાં બાળકો સારો દેખાવ કરે છે.
- તમે તમારા બાળકને બીજા કોઈ કરતાં વધુ સારી રીતે જાણતાં હોઈ તમારા બાળસંભાળ રાખનારા સાથે તમારા બાળકને શું શું કરવામાં આનંદ આવશે, તેમની જરૂરિયાતો અને આવડતો વિષે વાતચીત કરવાથી તેમના સમગ્ર વિકાસને વેગ મળે છે.
- દિવસ દરમ્યાન સંભાળ રાખનાર શું શું કરવાની યોજના બનાવે છે તે વિષે તેની સાથે વાતચીત કરવાથી તમે વિકાસનું ધ્યાન રાખી શકશો અને પ્રારંભિક શિક્ષણ માટે ઘરમાં એવી રીતે કાર્યરત રહી શકશો જે આનંદદાયક હોય.
- પ્રારંભિક શિક્ષણનું માળખું તમારા પ્રયત્નોને આવકારે છે અને માબાપને પ્રારંભિક શિક્ષણના માળખામાં નિયમિતપણે અથવા જ્યારે બની શકે ત્યારે સમય આપવા પ્રોત્સાહિત કરે છે.

**બાળકોને પુસ્તકો ગમે છે!**
ખૂબ જ નાની ઉંમરથી બાળકોને પુસ્તકો જોવાં અને તેનો લાભ લેવો ગમે છે. બાળકને વાંચી સંભળાવવું અને ગીત તથા જોડકાં ગાઈ સંભળાવવા એ તમારા બાળક સાથે સંબંધ બાંધવાનો એક રસ્તો છે, તે વિચારશક્તિને પ્રોત્સાહન આપે છે અને ભાષા શીખવા માટેનું તે પ્રથમ સોપાન છે. આગળ જતાં આ ટેવો સંવાદ, વાંચન અને લેખનમાં મદદ કરે છે.

**બાળકો માટે મફત પુસ્તકો**
સ્યુરસ્ટાર્ટ દ્વારા અભિવર્ધક, બુકસ્ટાર્ટ યોજના દ્વારા યુ.કે. માં જન્મેલ દરેક બાળકને એક પુસ્તક ભેટ તરીકે આપે છે. તો પ્રસ્તાવમાં શું છે?

- શિશુઓ માટે બુકસ્ટાર્ટ - થેલી ભરીને બાળકોના પુસ્તકો અને જોડકાંની પ્લેસ મેટ, સાધારણ રીતે સ્વાસ્થ્ય મુલાકાતી દ્વારા આપવામાં આવે છે

અને ટૂંકમાં જ આવે છે ...

- બુકસ્ટાર્ટ પ્લસ - 18 મહિનાના ભૂલકાંઓ માટે બે પુસ્તકો, રફ નોટબુક અને કલર પેન્સિલો 2005ના ઉનાળા / શિયાળાથી

• મારા બુકસ્ટાર્ટ ખજાનાનો પટારો - ત્રણ વર્ષનાઓ માટે નવી જ ભેટ, જેમાં રમકડાં માટે ગુપ્ત ખાના અને પુસ્તકો, રફ નોટબુક, પ્રવૃત્તિ પેડ અને અન્ય અનેક - 2005ના ઉનાળા / શિયાળાથી.
મા-બાપ અને સંભાળ રાખનાર બુકસ્ટાર્ટની પૂછપરછ માટે તેઓના સ્વાસ્થ્ય મુલાકાતી અથવા સ્થાનિક પુસ્તકાલયનો સંપર્ક કરી શકે છે.

**વાંચનને લગતી સૂચના : તમારા બાળકને પુસ્તકો વાંચવાનો આનંદ લેવામાં કેવી રીતે મદદ કરવી**
• તમારી આંગળી વડે શબ્દને અનુસરો અથવા તમારા બાળકને તેમ કરવા દો. આ રીતે બાળકને આડી અવળી લાઈન મહત્ત્વની છે તે સમજાશે.
• તમારા બાળકને સાંભળો, તેમને માર્ગદર્શન કરવા દો
• રમકડાં અને આધારનો ઉપયોગ કરી પુસ્તકને રમતમાં પલટાવો. શું તેઓ તેમાં જોડાવા માગે છે? પાત્રની રજૂઆત માટે જુદા જુદા અવાજમાં બોલો અથવા ગાવ.
• પાછળથી તેમને વાર્તા વિષે પૂછો અને જૂઓ કે કયા શબ્દો તેને યાદ રહે છે. જો તમે તેમની સાથે વાત કરશો અને તેમને સાંભળશો તો તેઓ ઘણું બધુ શીખી શકશે.
• નિયમિતપણે વાર્તાનો સમય રાખો (જેમ કે સૂતાં પહેલાં) પણ જો મિત્રો હોય તો વધારાનો સમય પણ રાખો
• તમારા સ્થાનિક પુસ્તકાલયમાંથી તમે ઘણા બધા પુસ્તકો મેળવી શકો છો. પુસ્તકાલયમાં પણ વાર્તા અને જોડકાં ગાવાનો સમય રાખવામાં આવે છે. વિગતો માટે તેઓને પૂછો.

**વધુ માહિતી માટે...***જન્મથી ત્રણ વર્ષ અગત્યના છે*, માબાપ માટેનું પેક અને પ્રારંભિક શિક્ષણના વર્ષોમાં સહાય માટેની માહિતી માટે **www.surestart.gov.uk/ensuringquality/birthtothreematters/** ની મુલાકાત લો. માબાપ માટેના અભ્યાસક્રમની ઑનલાઈન માર્ગદર્શિકા માટે, તમને અને તમારા બાળકને સાથે કામ કરવા માટેના શૈક્ષણિક સાધનોની શોધ માટે અને બીજા ઘણા ક્ષેત્રોના અભ્યાસની વિગતવાર માહિતી માટે જૂઓ **www.parentscentre.gov.uk**

**ગુણવત્તાવાળી બાળસંભાળ તમારા બાળકની સલામતી**

**બાળસંભાળની ગુણવત્તા**
કોઈપણ માબાપની અગ્રિમ જરૂરિયાત એ જાણવાની હોય છે કે તેમનું બાળક સુરક્ષિત હાથમાં છે. ચાઈલ્ડમાઈન્ડર્સ, શિશુગૃહો, રમતગમત ગ્રુપ, શાળા-બહારના અને રજાના દિવસોના ક્લબ, અને તદ્ઉપરાંત આયાઓ અને આઠ વયનાની નીચેના બાળકો માટેની બાલવાડીને રજિસ્ટર કરવાનું અને તપાસવાનું કામ ઑફિસ ફૉર સ્ટાન્ડર્ડસ્ ઇન એજ્યુકેશન (ઑફસ્ટેડ)નું છે.
• સેવા સંસ્થાઓ દ્વારા સ્વાસ્થ્ય અને સલામતી, સાધનો, સંભાળ, શિક્ષણ અને રમતગમત ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેને લગતાં ચૌદ રાષ્ટ્રીય ધારાધોરણનું પાલન કરવાનું હોય છે. રજિસ્ટર કરાતાં પહેલાં ઑફસ્ટેડ દ્વારા બાળસંભાળ સેવાઓની ચકાસણી કરવામાં આવે છે, અને ત્યારબાદ ધોરણોનું પાલન કરે તેની ખાત્રી કરવા માટે નિયમિતિ ધોરણે તપાસ કરવામાં આવે છે. ઑફસ્ટેડને અંગત ફરિયાદ કરી શકાય છે - અને આગળ ધપાવી શકાય છે.
• એક જ સમયે બે થી વધારે કુટુંબો માટે કામ કરતી આયાઓને આ ચકાસણી લાગુ પડે છે, પણ એક અથવા બે કુટુંબો દ્વારા તેમના જ ઘરમાં નોકરીએ રખાયેલ આયાઓની નહીં. કરવામાં આવતી તપાસના વધુ સારા જ્ઞાન માટે સેવાઓને લગતો અત્યાધુનીક ઑફસ્ટેડનો અહેવાલ વાંચો, પરંતુ ગુણવત્તા માટે તમારો પોતાનો જ અંદાજ કરવાનું યાદ રાખો (જૂઓ પાના નં. 14)

**તમારા બાળકની દેખભાળ માટે તમે કરી શકો તેવી 5 વસ્તુ.**
1. તમારા બાળસંભાળ રાખનારા સાથે દરરોજ વાત કરો. તેણી અથવા તેને ઘરમાં શું બની રહ્યું છે તે જાણવું જરૂરી છે જેની અસર બાળકની દિવસ દરમ્યાનની જરૂરિયાત પર પડી શકે. તમારે પણ જાણવું જરૂરી છે કે તમારા બાળકનો દિવસ કેવો વીત્યો - તેઓએ શું ખાધું, કેટલી નિરાંતે સૂતાં વિગેરે. તમારા બાળસંભાળ રાખનારને દિવસનો ચિતાર આપતી પ્રવૃત્તિની નોંધપોથી રાખવાનું જણાવો (ક્યારેક 'મારો દિવસ' પત્રક તરીકે ઓળખાતી).
2. તમે શેની અપેક્ષા રાખો છો તે અવારનવાર કહો. ઘણી જરૂરિયાતો વિષે સાધારણ રીતે સમજૂતી કરવામાં આવી હોવા છતાં, નવી સમસ્યાઓ ઉદ્ભવવી અનિવાર્ય છે.
3. તમારા બાળકના વર્તન અથવા મૂડમાં થતાં ફેરફાર નિહાળો. જો તેઓ વાત કરી શકે તેમ હોય તો, પ્રશ્નો પૂછો (તેઓએ શું ખાધું, સૂતાં કે કેમ, શું કર્યુ?). શરૂઆતમાં જ બાળકો અને તેના માબાપના નામ જાણી રાખવા ઠીક રહેશે, જેથી તેઓ કોની સાથે વાત કરે છે / રમે છે તે જાણી શકાય.
4. પ્રાસંગિક, અણધારી બાળસંભાળ કેંદ્ર અથવા ચાઈલ્ડમાઈન્ડર્સના ઘરની મુલાકાત લો, અથવા વહેલાં આવી જૂઓ કે શું ચાલી રહ્યું છે. અન્ય માતાપિતા અને પાડોશીઓ સાથે વાત કરો.
5. તમારા બાળકની પ્રગતિ / સુધારો / પ્રશ્નો સાથે મળીને ચર્ચવા નવી વ્યવસ્થાને બે મહિના કે એટલો સમય રાખો.

**અગર એમ થાય તો ....**
બાળસંભાળના અમુક પાસાંથી આપ નારાજ છો?
• સંભાળ રાખનાર સાથે આ બાબત ઉઠાવાય તેની ખાત્રી કરો. સારો બાળસંભાળ રાખનાર વ્યવસાયી હોય છે, અને તેઓ તેમાં સુધારો થાય તેવું ખરેખર ઇચ્છતાં હોય છે.
• કાળજીપૂર્વક વિચારો કે તમને શું સતાવે છે. શાંતિથી સમજાવો કે તમે શા માટે ચિંતિત છો, અને તમારા સંભાળ રાખનારને પ્રતિસાદ માટે સમય આપો.
• પ્રશ્નોને સુલઝાવવાનાં સૂચનો આપો. તેનો ઉકેલ લાવવા માટે સંભાળ રાખનારની સલાહ લો. પછી પગલાં લેવાની યોજના માટે સહમત થાવ.
• જો પરિસ્થિતિ ન સુધરે, અથવા સંભાળ રાખનાર સમજૂતી કરવામાં આવેલ સુધારો ન કરે તો, જે વ્યક્તિને હસ્તક આ જવાબદારી હોય તેની સાથે વાત કરો (જો તમે પહેલાં તેમ ન કર્યુ હોય તો), તમારા નોટિસના સમયની ચકાસણી કરો અને વૈકલ્પિક બાળસંભાળ જોવાની શરૂઆત કરો.
• જો તમને લાગતું હોય કે બાળસંભાળ રાખનાર જરૂરી માપદંડને અનુરૂપ નથી તો તમે સીધા ઑફસ્ટેડને ફરિયાદ કરી શકો છો, અને એક તપાસ અધિકારી સંશોધન કરશે. ઑફસ્ટેડને ફરિયાદ કરવા માટેનો નંબર છે 0845 601 4771.

**ગુણવત્તાવાળી બાળસંભાળ**
**બાળસંભાળને માન્ય રાખવા માટેની યોજના**
વધુને વધુ માબાપ પોતાના ઘરમાં જ કામ કરે તેવા બાળસંભાળનારની તપાસમાં હોય છે - ખાસ કરીને જ્યારે અસામાન્ય કામના કલાકો / શીફ્ટને આવરવાની હોય, વાહન પરિવહન એક સમસ્યા હોય, અથવા તેઓનું બાળક શારીરિક ખામીવાળું અથવા ખાસ પ્રકારની જરૂરિયાતવાળું હોય.
નવી સ્વૈચ્છિક બાળસંભાળ માન્યતા યોજના, કુટુંબી ઘરની અંદર લેવાતી હોય તેવી બધી સંભાળને, અને ફક્ત સાત વર્ષની ઉપરના બાળકોના ચાઈલ્ડમાઈન્ડર જે

બીજા ઘરેલું મકાનોમાં કામ કરતાં હોય છે તેને, લાગુ પડે છે.

**યોજના શું કરે છે?**

• તે બાળસંભાળ રાખનાર બાળસંભાળ માટેનું પ્રમાણપત્ર ધરાવે છે કે નહીં તેની ચકાસણી કરે છે (અથવા બાળસંભાળમાં જોડાવા માટેના જરૂરી અભ્યાસક્રમમાં હાજરી આપી છે). બધી બાળસંભાળની સ્વીકાર્ય લાયકાતની અદ્યતન સૂચી માટે જૂઓ **www.dfes.gov.uk/childrenswfqualifications**

• તે બાંયધરી આપે છે કે બાળસંભાળ રાખનારની ઉંમર 18 અથવા તેથી વધારે હશે, અને અરજી કરતી વખતે તેઓ, ત્રણ વર્ષથી જૂનું ન હોય તેવું, પ્રાથમિક સારવારનું યોગ્ય પ્રમાણપત્ર ધરાવે છે.

• તેઓની પૂર્વભૂમિકામાં એવું કશું જ નથી કે જે માટે તેઓ બાળકોની સંભાળ માટે અનુરૂપ ન હોય, તેની ચકાસણી કરવા તે પી.ઓ.સી.એ. (બાળકોનો રક્ષણ કાયદો) સહિત વધારાની સી.આર.બી. (ક્રીમીનલ રૅકૉર્ડ બ્યુરો) તપાસ કરે છે.

• સદર યોજના ઈંગ્લેન્ડમાં અપાતી બાળસંભાળને જ લાગુ પડે છે.

**સદર યોજના મને કેવી રીતે ફાયદાકારક છે?**

• તે તમારા મનને શાંતિ આપવામાં મદદ કરશે. માન્યતા પ્રાપ્ત કરેલ સંભાળ રાખનારનો ઉપયોગ કરવાથી, તમને સમજાશે કે તેઓની ચકાસણી થયેલ છે અને તેઓ મૂળભૂત માપદંડને અનુરૂપ છે.

• તેનો અર્થ એમ થાય કે તેઓ બાળકો સાથે કામ કરવા અનુરૂપ નથી તેવું નથી, તેઓની (બાળકોની) જરૂરિયાતોની થોડીઘણી સમજ છે, અને કટોકટીમાં કેમ વર્તવું તે જાણે છે.

• અમુક માબાપ અને વિકલાંગ લોકો જેઓ માન્ય કરાયેલ સંભાળ રાખનારની સેવા લે છે તેમને કર્મચારી કર રાહતના બાળસંભાળ તત્વ દ્વારા આર્થિક સહાય મળી શકે છે, અથવા નિયોક્તા-સહયોગમાં અપાતી સંભાળ, જેમ કે બાળસંભાળ વાઉચર અથવા નિયોક્તા દ્વારા કરારથી રાખેલ જગ્યા મળી શકે છે (જૂઓ પાના નં. 16)

• તે વધુ સારી ગુણવત્તાવાળી, પામી શકાય તેવી અને પરવડે તેવી બાળસંભાળ માબાપને જ્યારે અને જ્યાં જોઈએ ત્યાં ઉપલબ્ધ કરાવે છે.

**ચકાસણી જે હજું પણ તમારે કરવાની રહેશે**

જો તેને અથવા તેણીને યુ.કે.માં કામ કરવાની અનુમતિ હોય તો તેની પાસે પ્રમાણ મેળવો.

સંભાળ રાખનાર કઈ ઉંમરના ગ્રુપ માટે યોગ્ય છે. તેઓના આગળના અનુભવ જાણવા માટે નિર્દેશો મેળવો.

બાળસંભાળ રાખનાર તમારી પોતાની અંગત જરૂરિયાતો નિભાવી શકશે કે કેમ. તે તમારી જવાબદારી રહેશે. પાના નં. 4 થી શરૂ થતો આયાઓ અને ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓ બાબતનો વિભાગ જૂઓ, તમને આ કાર્યમાં મદદરૂપ થવા, પૂછવા માટેના પ્રશ્નો અને ચકાસણીનો અંદાજ આવશે.

એપ્રિલ 2005 થી માન્ય કરાયેલ બાળસંભાળ રાખનારાઓને કામે રાખતાં માબાપ માટે માર્ગદર્શિકા **www.childcareapprovalscheme.co.uk** પર ઉપલબ્ધ છે.

બાળસંભાળ માન્યતા યોજના અંગે વધારે માહિતી માટે **0845 7678 111** નંબર પર ફોન કરો (કોલના ચાર્જ સ્થાનિક દર પ્રમાણે અથવા મોબાઈલ અથવા જાહેર ફોનમાંથી ફોન કરતાં હો તો ઊંચા દરે લેવાય છે) અથવા મુલાકાત લો **www.childcareapprovalscheme.co.uk**

**જો તમારા બાળકને કોઈ શારીરિક ખામી હોય અથવા**
**ખાસ પ્રકારના અભ્યાસની જરૂરિયાતો હોય**

દરેક બાળસંભાળ પૂરી પાડનારાઓએ વિકલાંગતા પક્ષપાત કાયદો 1995 મુજબની જરૂરિયાત પૂરી પાડવાની રહેશે અને વિકલાંગ બાળકોને આવરી લેવા ‘વ્યવહારુ તરજોડ’ કરવી પડશે. વિકલાંગતાને કારણે તેઓ સાથે બીજા કરતા ‘ઓછા ગમતાં’ તરીકેનો વ્યવહાર નહીં કરાય.

• મોટા ભાગના પ્રારંભિક શિક્ષણ માળખા / પુરી પાડનારાઓનો એક વિશેષ શિક્ષણ જરૂરિયાત સંયોજક (સેન્કો), જે ઉપલબ્ધ માળખામાં તમારા અને તમારા બાળક માટે શું યોગ્ય છે તે અંગે ચર્ચા કરશે.

• કુટુંબનો સંપર્ક કરો, એક એવી સ્વૈચ્છિક સંસ્થા છે જે વિકલાંગ બાળકો ધરાવતાં કુટુંબોને સહાય કરે છે. તમારા ક્ષેત્રના અન્ય માબાપ સાથે તમારી જરૂરિયાતો વિષે ચર્ચા કરો, તેઓની હેલ્પલાઈન (**0808 808 3555** નંબર પર કોલ કરો) તમને તેમના સંપર્કમાં લાવી શકે છે.

• વહેલી સહાય યોજના એ સરકાર પ્રેરિત છે જેનું કાર્ય છે વિકલાંગ બાળકો, ખાસ કરીને ત્રણ વર્ષની અંદરના, અને તેમના કુટુંબોને અપાતી સેવામાં સુધારો કરવાનું. અર્લી સપોર્ટ ફૅમિલી પેક માટે, ડીએફઇએસ પબ્લીકેશનસ્‌ને **0845 60 222 60** નંબર પર ફોન કરો અને **ઈએસપીપી 1** નો નિર્દેશ કરો. વધુ માહિતી માટે **www.espp.org.uk** ની. મુલાકાત લો.

**નાણાની જોગવાઇ**

પાના નં. 16 પર નાણાકીય સહાયની સૂચી ઉપરાંત, એ ભૂલશો નહીં કે વિકલાંગ બાળકના માબાપ બાળસંભાળ માટેના ખર્ચની ચૂકવણી નીચે મુજબના વિકલ્પ દ્વારા પણ કરી શકે છે :

• સીધી ચૂકવણી - તમારી સ્થાનિક સત્તા દ્વારા, જે વિકલાંગ બાળકોના માબાપને તેઓના સહારા અથવા સંભાળ માટે કરવામાં આવેલ નગદ ચૂકવણી માટે છે. ‘સીધી ચૂકવણી બાબત માબાપ માટેની માર્ગદર્શિકા’ની નકલ માટે **08701 555 455** નંબર પર ફોન કરો (**31762 નો નિર્દેશ કરો**).

• બાળક કર રાહતમાં વિકલાંગ બાળકો માટે વધારાનો સમાવેશ થઈ શકે છે. કર્મચારી કર રાહતમાં બાળસંભાળ ખર્ચ માટેની મદદનો સમાવેશ થઈ શકે છે. સલાહ અથવા દાવા પત્રક માટે **0845 300 3900** નંબર પર ફોન કરો.

• નવી બાળસંભાળ માન્યતા યોજના દ્વારા - કામે જતાં માતાપિતા માન્યતા પ્રાપ્ત કરેલ ઘર-સ્થિત બાળસંભાળના ખર્ચની ચૂકવણી બાબતની આર્થિક સહાય માટે હવેથી હક્કદાર બને છે (પાના નં. 11).

• તમારી બાળકોની માહિતી સેવા (સી.આઇ.એસ.) દ્વારા - તેઓને વિકલાંગ બાળકોના બાળસંભાળના ખર્ચને આવરી લેવા માટેની સ્થાનિક વ્યવસ્થાની ખબર હશે (**0800 096 02 96** નંબર પર ફોન કરો).

**તમારા બાળકની જરૂરિયાતો : પૂછવાના પ્રશ્નો**

કર્મચારીની શી કાબેલિયત અને / અથવા પ્રશિક્ષણ છે, અને તે તમારા બાળક માટે સુસંગત છે?

તમારા બાળકને વધારાની મદદની જરૂર છે - અને કર્મચારી તમારા વતી તૈયાર છે (અને / અથવા સ્વાસ્થ્ય વ્યવસાયી, જો બરોબર હોય તો) તેમને સમજાવવા કે તેની / તેણીની જરૂરિયાતોનું ધ્યાન કેવી રીતે રાખવું?
વ્યવહારિક ટેકા માટે તેઓ તૈયાર અને સમર્થ છે (દા.ત. વ્યક્તિગત સંભાળ સાથે)? મકાને જઈ શકાય તેમ છે?
મકાનમાં માળખીય ફેરફાર કરવાની જરૂર છે?
કયા સાધનો જરૂરી છે?
દવા કેવી રીતે આપવામાં આવશે તે બતાવવા સંભાળ રાખનારાઓ તૈયાર છે? તેઓ પાસે સુસંગત વીમો છે?

**વધુ માહિતી માટે ...**

• ચાઈલ્ડકેર લિંકને **0800 096 02 96** નંબર પર ફોન કરો - વિકલ્પો માટે, ચાઈલ્ડમાઈન્ડર્સ, શિશુગૃહ સહિત વિગેરે, જેઓ વિકલાંગ અને વિશેષ શિક્ષણીક જરૂરિયાતવાળા બાળકોને સારી સંભાળ પૂરી પાડી શકે.
• તમારા સ્થાનિક સામાજિક સેવા વિભાગને, ટૂંકા ગાળાના વિરામ, સીધી ચૂકવણી, વિકલાંગ બાળકો માટે બાળસંભાળ અને મોટી ઉંમરના વિકલાંગ બાળકો માટે રમતગમત અને આરામની સેવા અંગેની માહિતી માટે.
• બાળસંભાળ પૂરી પાડનારા તેઓની સ્થાનિક સત્તાનો સંપર્ક સાધી સાધનોનો ખર્ચ, કર્મચારીની તાલીમ, અને સગવડને અનુકૂળ થવા અને મકાન (દા.ત. વીલચેર જઈ શકે તેવી સુવિધા) માટે મદદ કરવા સ્યુરસ્ટાર્ટ તરફથી કેવી રીતે નાણાકીય સહાય મળે છે તે જાણી શકે છે.
• કેળવાયેલા મદદનીશ કાર્યકરો જેઓ તમારે ઘરે આવી તમને રાહત આપી શકે તેમને લગતી જાણકારી માટે ક્રોશ રોડસ્‌ને **0845 450 0350** નંબર પર ફોન કરો
• યોગ્ય બાળસંભાળ ગોતવા, વધારાની સહાય માટે ચૂકવણી કરવા અને મદદ માટે કોને મળવું, તે સંબંધી જાણકારી માટે **www.surestart.gov.uk**ની મુલાકાત લો.
• બાળસંભાળ પુરી પાડનારાઓને લગતી કાનૂની જરૂરિયાતોની સલાહ માટે ડીસેબીલીટી રાઈટસ્ કમીશનને **08457 622633** નંબર પર ફોન કરો

**તેનો ખર્ચે કેટલો આવશે? (How much will it cost?)**

પ્રથમ વખત બાળસંભાળ માટે પૈસા ચૂકવવાનું ઘણું ત્રાસદાયક હોય છે - તમને ખબર છે કે તમારી પાસે વિકલ્પો છે, પણ તે દરેકની કિંમત ચૂકવવી પડે છે, બરોબર? તે જ અવસર છે જ્યાં તમને આ વિભાગ મદદ કરી શકે છે. અમે બધી જુદા જુદા પ્રકારની બાળસંભાળના ભાવ સરખાવીએ છીએ, પરંતુ જેમ વાંચતા જશો તેમ તમે પણ તેના ખર્ચ પેટે નાણાંકીય મદદ મળી શકે તેવા સ્ત્રોતોની જાણકારી મેળવી શકશો, ઘણી અગત્યની એવી કર રાહત સહિત, જે આપના બૅન્ક બેલેન્સમાં સાચે જ ઘણો ફરક લાવી શકશે. તમારા કુટુંબ માટે જો બાળસંભાળ ઉપયોગકર્તા સાબિત થશે તો, તેને મેળવવા માટે તમને પૂરતા નાણાંની જરૂર પડશે, તેથી તે જાણવું અગત્યનું છે કે ક્યારે અને કેવી રીતે તે માટે અરજી કરવી.

**વધુ જાણકારી માટે...**મહેસૂલ ખાતા અને કર રાહત હેલ્પલાઈનને **0845 300 3900** નંબર પર ફોન કરો અથવા તમારી અધિકૃતતા અને તમને કેવી રીતે મદદ મળે તેની સલાહ માટે **www.taxcredits.inlandrevenue.gov.uk**ની મુલાકાત લો

**ખર્ચમાં મદદ**

બાળસંભાળ માટેનો ખર્ચ તમારી ઘરેલું આવકનો મોટો હિસ્સો લઈ શકે છે. છતાં, જ્યાં સુધી શી નાણાંકીય સહાય મળી શકે છે તેની ગણત્રી કર્યા વગર કોઈ વિકલ્પને બાકાત ન કરશો. ઉપરાંત, તમે ક્યા લાભ માટે દાવો કરી શકો છો તેનો પણ વિચાર કરો જૂઓ પાના નં. 20.

**ત્રણ અને ચાર વર્ષના માટે**
જો તમારું બાળક ત્રણ અથવા ચાર વર્ષનું હોય તો તે તેના ત્રીજા જન્મદિવસ પછીથી શરૂ થતા રાષ્ટ્રીય સૂચિત સત્રથી નિ:શુલ્ક સીમિત સમયના પ્રારંભિક શિક્ષણ માટે હક્કદાર છે.

**એકાકી માબાપ માટે**
જો તમને કામ શોધવા મદદની જરૂર હોય, કામ માટે તાલીમની જરૂર હોય અથવા બાળસંભાળ જોઈતી હોય તો, ન્યુ ડીલ ફૉર લોન પેરન્ટસ્ મદદ કરી શકે છે. **0800 868 868** નંબર પર ફોન કરો.

**ખાસ સંજોગો માટે**
વિકલાંગતાને લગતા દરરોજના ખર્ચનો હિસાબ : ચોકસાઈ રાખો કે તમને દરરોજના જીવનનિર્વાહનાં ખર્ચમાં મદદ મળે તે માટે તમે દરેક મળતી રાહત માટે દાવો કરો છો. વધારે માહિતી માટે વિકલાંગ જીવનનિર્વાહ ભથ્થું અને અન્ય રાહત માટે **0800 88 22 00** નંબર પર ડીસેબીલીટી બેનીફીટ હેલ્પલાઈનને ફોન કરો.

**કર રાહત**
દસમાંથી નવ કુટુંબો, તેમના સંજોગોના આધાર મુજબ, નાણાકીય મદદ માટે અધિકૃત હોય છે. તો તેઓ માબાપને શું આપવા માગે છે?
**બાળક કર રાહત**
તમે કામ કરતા હો કે નહીં, જે કુટુંબની આવક £58,000 સુધીની (અથવા £66,000 સુધી જો એક વર્ષની ઉંમર નીચેનું બાળક) હોય તો તેઓ તેમના સંજોગોને આધારિત આને માટે અધિકૃત છે. તે અઠવાડિયે £32 ની કિંમતની હોય છે, અને વધારે બાળકો હોય તો વધે છે. જો તમારે વિકલાંગ બાળક હોય તો તમને વધારાની મદદ મળે છે. તે તમારી બૅન્કના ખાતામાં સીધી ભરી દેવામાં આવે છે.
**કર્મચારી કર રાહત**
આ ભથ્થુ ઓછી આવકવાળા માટે છે અને બાળસંભાળના ખર્ચની મદદ ઉમેરવામાં આવી શકે છે. તે તમારા પગારના પૅકેટ દ્વારા ચૂકવાય છે, તમારી વાર્ષિક આવકને (અને ભાગીદાર, જ્યાં યોગ્ય હોય તેને) ગણત્રીમાં રાખીને, અને સાધારણ રીતે કામે જતાં માબાપને અને વિકલાંગ લોકોને લાગુ પડે છે.
**કર્મચારી કર રાહતનું બાળસંભાળ તત્ત્વ**
કામે જતાં માબાપ માટે કર્મચારી કર રાહતના બાળસંભાળ તત્ત્વ દ્વારા વધારાની મદદ મળી શકે તેમ છે. ખાસ કરીને કામે જતાં માબાપના બાળસંભાળ ખર્ચ આવરવાનું તેનું લક્ષ્યાંક છે. રજીસ્ટર્ડ અથવા માન્યતા પ્રાપ્ત થયેલ બાળસંભાળને ચૂકવેલ દર £1 દીઠ તમે વધુમાં વધુ 70પે. માટે, અમુક મર્યાદા સુધી, દાવો કરી શકો છો. એપ્રિલ 2005 થી મર્યાદા છે એક બાળકના એક અઠવાડિયાના £175 અને બે અથવા તેથી વધારે બાળકોના £300. મુખ્ય સંભાળરાખનારને તેની સીધી ચુકવણી કરવામાં આવે છે.

**અધિકૃતતા માટે :**

• એકાકી મા / બાપે સોળ કલાક અથવા વધારે, કામ કરવાનું રહેશે

• યુગલનાં બંને જણે સોળ કલાક અથવા વધારે, કામ કરવાનું રહેશે, અથવા એક જણ સોળ કલાક અથવા તેથી વધારે કામ કરતું હોય અને બીજું વિકલાંગતાનો લાભ મેળવતું હોય, અથવા હૉસ્પિટલમાં હોય અથવા જેલમાં હોય

• તમે જે બાળકની સંભાળ રાખો છે તે શાળાએ જવાની ઉંમરનું અથવા તેથી નાની ઉંમરનું છે

**વિકલાંગ બાળકો માટેનું પ્રીમિયમ**

તમે કદાચ વિકલાંગ બાળકો માટેના પ્રીમિયમ માટે અધિકૃત હોઈ શકો, સાધારણ રીતે વિકલાંગ જીવનનિર્વાહ ભથ્થું મળવું તે અધિકૃતતા માટેનું પ્રમાણ છે.

વધુને વધુ નિયોક્તાઓ તેમના કર્મચારીઓને એક અથવા બીજી બાળસંભાળ માટેની મદદ ઉપલબ્ધ કરાવે છે.

**નિયોક્તા બાળસંભાળ વાઉચર**

નિયોક્તા બાળસંભાળ વાઉચર એ વાઉચર છે જે, તમારા નિયોક્તા તમારા બાળસંભાળ પૂરી પાડનારને ચૂકવણી પેટે આપવા માટે તમને આપે છે. વાઉચરના પ્રથમ £50 પ્રતિ અઠવાડિયે કર અને નેશનલ ઈન્સ્યુરેન્સ કંટ્રીબ્યુશન (એન.આઈ.સીસ્) માંથી બાદ મળે છે, જો વાઉચરનો ઉપયોગ ફક્ત રજીસ્ટર્ડ અથવા માન્યતા પ્રાપ્ત થયેલ બાળસંભાળની ચૂકવણી માટે કરવામાં આવ્યો હોય અને તમારા નિયોક્તાની યોજના તેના અથવા તેણીના બધાય કર્મચારીઓ માટે હોય. નિયોક્તા બાળસંભાળ વાઉચર અંગે વધારે માહિતી માટે અને 'કર્મચારીઓ માટે બાળસંભાળ વાઉચર' હકીકત પત્રની નકલ માટે **www.daycaretrust.org.uk** ની મુલાકાત લો.

**વધુ જાણકારી માટે ...**મહેસૂલ ખાતા અને કર રાહત હેલ્પલાઈનને 0845 300 3900 નંબર પર ફોન કરો અથવા મદદ માટેની તમારી અધિકૃતતા જાણવા માટે www.taxcredits.inlandrevenue.gov.uk/HomeIR.aspx ની મુલાકાત લો.

**તેની શી કિંમત હશે? (How much will it cost?)**
આ હકીકત અને આંકડા સાધારણ ખ્યાલ આપે છે, પણ તમને જણાશે કે દેશભરમાં ખર્ચ જુદો જુદો હોય છે. અમારી ભલામણ છે કે આ આંકડાની સ્થાનિક ચકાસણી કરો.

| બાળસંભાળનો પ્રકાર અથવા પ્રારંભિક શિક્ષણ | ક્યાં? | ઉંમરનું ગ્રુપ | ખર્ચ | નિ:શુલ્ક પ્રારંભિક શિક્ષણ પ્રસ્તાવ? | કર્મચારી કર રાહત* | ખુલ્લુ રહેવાનો સમય | ઑફસ્ટેડ દ્વારા રજિસ્ટર્ડ થયેલ છે? | અન્ય સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|
| ચાઈલ્ડમાઈન્ડર્સ | મોટે ભાગે ચાઈલ્ડમાઈન્ડર્સના ઘરમાં | કોઈપણ | સરેરાશ કલાકના બાળક દીઠ £2.50, પણ £1.85 થી £6 સુધીની કોઈપણ રકમ | હા, જો ચાઈલ્ડમાઈન્ડરના નૅટવર્કનો ભાગ હોય તો | * | સ્થિતિસ્થાપક, પણ મોટા ભાગના સવારે 8 થી સાંજે 6 ની વચ્ચે કામ કરતાં હોય છે | હા, જો તેઓ આઠ વર્ષની અંદરના બાળકની સંભાળ લેતા હોય તો | પૂર્ણ સમયની જગ્યા માટે બે વર્ષથી ઓછી ઉંમરના બાળક માટે પ્રતીક ખર્ચ છે અઠવાડિયાના £127. તમારે કલાકો, રજાનો પગાર, અને અન્ય શરતો અને કલમો માટે વાટાઘાટ કરી કરાર બનાવવો પડશે. |
| આયાઓ અને અન્ય ઘર-સ્થિત બાળસંભાળ રાખનારાઓ | કુટુંબના ઘરમાં | કોઈપણ | સરેરાશ દર બાળક દીઠ કલાકના £2.50 - £4.50 | ના | * | સ્થિતિસ્થાપક, સીમિત સમય માટે અથવા સાથે રહીને પણ કામ કરે | ના, પણ તેઓને બાળસંભાળ માન્યતા યોજના દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ શકે છે | સંપૂર્ણ સમયની જગ્યા માટેનો ખર્ચ £127-£400 વચ્ચે જુદોજુદો હોય છે. તમારે કર અને નેશનલ ઈન્સ્યુરેન્સ પણ આપવો પડશે. મહેસૂલ ખાતુ તમારા માટે આનો હિસાબ કરી આપશે. (0845 6070143 ને ફોન કરો) |
| દિવસ પર્યંતના શિશુગૃહ | કેંદ્ર-આધારિત | 0-5 વર્ષ | અઠવાડિયાના પૂર્ણ સમય માટે £141 થી £197 | હા | * | અઠવાડિયાના દિવસોએ સાધારણ સવારે 8.30 થી સાંજે 7.00 સુધી, પણ ક્યારેક સીમિત સમય માટે પણ પ્રસ્તુત કરતાં હોય છે, અને વહેલાં મૂકવા જવા / મોડા લેવા જવાં માટે | હા | જો તમારું બાળક ત્રણ કે ચાર વર્ષની ઉંમરનું હશે તો, ફીસમાં કટૌતી કરી આપવામાં આવશે, કારણકે તેઓ નિ:શુલ્ક સીમિત સમયના પ્રારંભિક શિક્ષણ પ્રસ્તાવ માટે અધિકૃત છે (જૂઓ પાના નં. 5) |
| શિશુગૃહ શાળાઓ | કેંદ્ર-આધારિત | 2-5 વર્ષ | જો રાજ્ય શિક્ષણ પદ્ધતિનો ભાગ હોય તો નિ:શુલ્ક (ભોજન અને બહાર ફરવા સિવાય). ખાનગી સંસ્થાઓ પાસે જાવ, તો સત્રનો ખર્ચ લગભગ £800-£1200 | હા | * | સત્રના સમય પૂરતું જ સાધારણ રીતે સવારે 9.00 થી સાંજે 3.30 સુધી. સીમિત સમય માટેનો વિકલ્પ (સવાર અથવા બપોર) સર્વ સાધારણ હોય છે. | હા | તમારે શાળા આધારિત શિશુગૃહ માટે ચૂકવણી કરવાની થશે, અને ફીસ લેતી શિશુગૃહ શાળા પ્રારંભિક શિક્ષણ તથા સંભાળ માટે પણ ચાર્જ લેશે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્રી-સ્કુલસ્ અને રમતગમત ગ્રુપસ્ | કેંદ્ર-આધારિત | 2-5 વર્ષ | સેશન દીઠ લગભગ £3 - £5 | હા, જો તે સમય માટે રજિસ્ટર કરવામાં આવેલ હોય તો | * | સત્રના સમય દરમ્યાન અઢી થી ચાર કલાકના સેશનસ્, દરરોજ અથવા અઠવાડિયાના ઘણા દિવસોએ. | હા | બ્લૉક બુકિંગ (દા.ત. અર્ધ સત્ર માટે અગાઉથી ચૂકવણી કરવાની જરૂરત હોય) |
| સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રો | કેંદ્ર-આધારિત | 0-5 વર્ષ | અઠવાડિયાના પૂર્ણ સમય માટે £141-£197 સુધી, પણ સંજોગો આધારિત બદલાઈ શકે. | હા | * | અઠવાડિયાના પાંચ દિવસ વર્ષના 48 અઠવાડિયા ખુલ્લા હોય છે, પણ બાળસંભાળ સમયની ચકાસણી કરવાની જરૂર રહેશે. | હા | કેંદ્રો જો થોડા સમય પહેલાં જ ખૂલ્યા હોય તો તેમની ચકાસણી હજી નહીં થઈ હોય. |
| શાળા-સ્થિત સંભાળ | કેંદ્ર-આધારિત | 5-11 વર્ષ, 16 સુધી જો ખાસ જરૂરિયાતો હોય તો | શાળા-બહારના ક્લબ માટે દિવસના £5 થી £10 વચ્ચે; શિરામણ ક્લબ માટે £1; રજાની જગ્યા માટે દિવસના લગભગ £15 અથવા અઠવાડિયાના £75 | જ્યાં 3-4 વર્ષના હાજરી આપતાં હોય તેના માળખાની તપાસ કરો. | * | શાળા પછીના ક્લબ બપોરે 3.30 થી 6.00; શિરામણ ક્લબ સવારે 8.00 થી; રજાના ક્લબ સવારે 8.30 થી સાંજે 6.00 સુધી. | હા, જો તેઓ આઠ વર્ષની અંદરના બાળકની સંભાળ લેતા હોય તો | શાળા બહારના અંગત ક્લબ કદાચ વધારે પૈસા લેશે. ઉદાહરણ તરીકે, અંગત રજાના ક્લબો માટે અઠવાડિયાના £150 ચૂકવવાની ગણત્રી રાખો. |

*** કર્મચારી કર રાહતનું બાળસંભાળ તત્ત્વ રજીસ્ટર્ડ અથવા માન્યતા પ્રાપ્ત થયેલ બાળસંભાળ સેવાઓને લાગુ પડે છે - જૂઓ પાના. નં. 16**

**કુટુંબ અને કામનો સમન્વય (Balancing work and family)**

જ્યારે યુવા કુટુંબ હોય ત્યારે નવી નોકરીએ અથવા નોકરી અથવા અભ્યાસ માટે પાછા જવાની તૈયારી કરવી તે એક પડકારરૂપ સમય હોય છે. તમારા કોઈ હક્ક જવા ન દેશો (પછી ભલે તમે કામે જતી ભાવિ માતા હો) અથવા તમારા નિયોક્તા કે કૉલેજને તેઓ દ્વારા આપી શકાતી બાળસંભાળ માટેની મદદ માટે પૂછવામાં ડરશો નહીં. કામે જતી માતા તરીકે તમને નવા અધિકાર છે - આગળનાં થોડા પાનાથી અમે તમને જાણકાર કરીશું. ઉદાહરણ તરીકે, તમને ખબર હતી કે તમને સ્થિતિ સ્થાપક કામના વિકલ્પ જેવા કે ટર્મ ટાઇમ અથવા જોબ શૅર માગવાનો અધિકાર છે? તેનો અર્થ એમ છે કે તમને સુખી કુટુંબ અને નોકરીની જિંદગીનો સમન્વય કરવાનું સરળ લાગશે. કેવી રીતે કરવું તે અહીં બતાવ્યું છે.

**વધુ માહિતી માટે ...**માતૃત્વ અને પિતૃત્વના હક્ક, અધિકૃત હક્ક અને પુસ્તિકા માટે **www.maternityalliance.org.uk** ની મુલાકાત લો અથવા કામપર જતા માતાપિતા માટેની શ્રેણીબદ્ધ હસ્તપત્રિકા માટે વેપાર અને ઉદ્યોગ (ડી.ટી.આઈ) વિભાગની વેબસાઈટ **www.dti.gov.uk** જૂઓ. નો યોર રાઈટસ્ લાઈનને **0870 600 4882** નંબર પર ફોન કરો અથવા **www.tuc.org.uk** પર લૉગ ઑન કરો.

**કોને શું પ્રાપ્ત થશે?**
તમે જ્યારે સગર્ભા હો અને નવાં મા હો ત્યારે તમારા અધિકૃત લાભ જતાં ન કરશો. અમુક નિયોક્તાની પોતાની, વધારે ઉદાર નીતિ હોય છે.

**ભાવિ માતાઓ માટે**
ગર્ભવતી કામદાર તરીકે, તમે ગર્ભાવસ્થા દરમ્યાનની ડૉકટરની મુલાકાત માટે પગાર સહિતની રજા લઈ શકો છો. શું તમને લાગે છે કે તમારું કામ તમને અથવા તમારા બાળકને હાનિ કરે તેમ છે? તમારા નિયોક્તાને તરત જણાવો - તેઓએ તમારી હાલની નોકરીમાં ફેરફાર કરવો જ પડશે અથવા તમને અનુકૂળ વૈકલ્પિક કામ આપવું પડશે, નહીં તો તેઓએ તમને પૂરા પગાર સાથે રજા આપવી પડશે.

**માતાઓ માટે**
જે દિવસથી તમે નોકરી શરૂ કરો તે દિવસથી, ભલે હોદ્દો અથવા કામના કલાકો ગમે તે હોય, તમે 26 અઠવાડિયાની સાધારણ માતૃત્વ રજા (ઓ.એમ.એલ.) માટે અધિકાર ધરાવો છો. અંતે તમને તે જ નોકરીએ હાજર થવાનો પણ હક્ક છે. ઓ.એમ.એલની સમાપ્તિ બાદ તમે વગર પગારે 26 અઠવાડિયાની વધારાની માતૃત્વ રજા પણ લઈ શકો છો.
જો તમે ગર્ભવતી બનતાં પહેલાં એ જ નિયોક્તા માટે કામ કર્યુ હોય અને કર ભરાતાં પહેલાં અઠવાડિયાનો તમારો પગાર જો £82 હોય તો તમે કાયદેસરના માતૃત્વ પગાર (એસ.એમ.પી) માટે દાવો કરી શકો છો. એસ.એમ.પીમાં તમારા સરેરાશ છ અઠવાડિયાના પગારની 90% રકમ મળે છે, અને તેને અનુસરતાં અઠવાડિયાના £106 (અથવા તમારી આવકના 90%, જે આંકડો ઓછો હોય તે) 20 અઠવાડિયા માટે મળે છે. અમુક નિયોક્તા તેથી પણ વધારે આપે છે.

**ઓછા પગારવાળી / સ્વ-રોજગારી માતાઓ માટે**
તમે માતૃત્વ ભથ્થા માટે દાવો કરી શકો છો - અઠવાડિયાના £106 લેખે 26 અઠવાડિયા, અથવા તમારી સરેરાશ આવકના 90%, બંનેમાં જે ઓછું હોય તે. તમે સ્વ-રોજગારી હોવા જોઈએ, અથવા અઠવાડિયાના £30 લેખે 13 અઠવાડિયા સુધી આવક હોવી જોઈએ (એકધારી જરૂરી નથી), અને બાળકના જન્મ પહેલાંના 66 અઠવાડિયામાંથી ઓછામાં ઓછા 26 અઠવાડિયા કામ કર્યુ હોવું જોઈએ.

**ઓછી આવકવાળા માબાપ માટે**
શું તમે ઓછી-આવકના ફાયદા અથવા કર રાહત મેળવો છો? તમે સ્યુરસ્ટાર્ટ માતૃત્વ મદદ (એસ.એસ.એમ.જી.) માટે દાવો કરી શકો છો - £500 ની એક વખત માટેની ચૂકવણી માટે.

**દત્તક લેતાં માબાપ માટે**
જે વ્યક્તિ દત્તક લે છે અથવા યુગલનો એક ભાગીદાર સંયુક્ત રીતે દત્તક લે છે તેને 'માતાઓ માટે'ના હક્ક મુજબ એ જ રજાઓના હક્ક મળે છે. બીજો ભાગીદાર પિતૃત્વ રજા લઈ શકે છે.

**માતા-પિતા બંને માટે**
જો તમે એક જ નોકરીમાં એક વર્ષ યા તેથી વધુ સમય માટે હો તો, બંને માતા-પિતા પિતૃત્વ રજા લઈ શકે છે - બાળક દીઠ 13 અઠવાડિયાની, અને તે બાળકના પાંચમાં જન્મદિવસ પહેલાં લેવાની હોય છે, સાધારણ રીતે એક વર્ષના 4 અઠવાડિયાના સમયગાળા લેખે. જો તમારું બાળક વિકલાંગ હોય તો તમે 18 અઠવાડિયાની રજા તેના 18મા જન્મદિવસ સુધીમાં લઈ શકવા માટે અધિકૃત છો.
સરકાર બધાં માબાપને બાળ રાહત આપે છે- પહેલાં બાળક માટે અઠવાડિયાના £17.00 અને ત્યાર બાદ દરેક બાળક દીઠ £11.40.

**પિતા માટે શું?**
તમે કાયદેસર પિતૃત્વ પગાર (એસ.પી.પી.) માટે દાવો કરી શકો છો, જો તમારી ભાગીદાર ગર્ભવતી બની તેનાં પહેલાંથી જ તમે તે જ નિયોક્તાને ત્યાં કામ કરતા હો અને બાળકના જન્મ વખતે પણ તે જ નોકરીમાં હો.

**વધુ જાણકારી માટે...**માતૃત્વ અને પિતૃત્વના હક્ક માટે કેવી રીતે દાવો કરવો તે માટે મેટરનીટી એલાયન્સ ઈન્ફર્મેશન લાઈનનો **020 7490 7638** નંબર પર સંપર્ક કરો અથવા **www.maternityalliance.org.uk** ની મુલાકાત લો. કામ પર જતા માતાપિતા માટેની હસ્તપત્રિકાઓ માટે વેપાર અને ઉદ્યોગ (ડી.ટી.આઈ) વિભાગની વેબસાઈટ **www.dti.gov.uk/workingparents** જૂઓ.
સ્યુરસ્ટાર્ટની માતૃત્વ મદદ માટેના અરજી પત્રક માટે તમારા સ્થાનિક જોબ સૅન્ટર પ્લસ ઑફિસનો સંપર્ક કરો.

**કામ અથવા અભ્યાસ માટે પાછા ફરવું**

પુરા સમયની નોકરી સંભાળવી, ઘર ચલાવવું અને પ્રેમાળ મા કે બાપ હોવું - આ દરેક બાબતે, કામ પર પાછા ફરવાનો વિચાર કરતાં હો તો, વ્યવહારું અને સંવેદનાત્મક પ્રશ્નો હલ કરવાના હોય છે. અત્રે સુખમય સમતોલન મેળવવા માટે થોડા સૂચનો છે.

**કામે જવા માટે તમારી જાતને કેવી રીતે તૈયાર કરશો.**
'હું કામે પાછા જવાનું વિચારું છું અને ચિંતિત છું કે હું તે કેવી રીતે સંભાળી શકીશ.'
તમારા નિયોક્તા સાથે બેસીને તમારી પરિસ્થિતિ વિષે વાતચીત કરવી સલાહભર્યુ છે. તમારે કદાચ નવી ગોઠવણ સંબંધી વાટાઘાટ કરવી જરૂરી બને (સ્થિતિસ્થાપક રીતે કામ કરવાની માગણીના અધિકાર માટે જૂઓ પાના નં. 21). બહાના બનાવવાની જાળમાં ફસાશો નહીં, શરમજનક પરિસ્થિતિ અનુભવશો નહીં અથવા બાળસંભાળને લગતા પ્રશ્નો નિપટવા માટે અચાનક જવું પડે ત્યારે કામ ઠેલો છો તેવું અનુભવશો નહીં - સમયે સમયે દરેકને નોકરી બહારના પણ કામ હોય છે.

*'મારા નિયોક્તા મને બાળસંભાળને લગતા ખર્ચમાં મદદ કરશે?'*
લગભગ દર દશ નિયોક્તાએ એક, બાળસંભાળ માટે કોઈક ન કોઈક પ્રકારની મદદ કરે છે, જેમ કે બાળસંભાળ ભથ્થું અને વાઉચર, કામ કરવાના સ્થળે ઓછા ખર્ચની બાલવાડી અને શિશુગૃહ. ફક્ત પૂછો. ભૂલતાં નહીં કે કર્મચારી કર રાહતના બાળસંભાળ તત્ત્વ દ્વારા તમને મદદ મળી શકે છે. રજીસ્ટર્ડ અથવા માન્યતા પ્રાપ્ત કરેલ ચાઈલ્ડમાઈન્ડર્સ, શિશુગૃહ અને શાળા પછીના ગ્રુપ દ્વારા અપાતી બાળસંભાળ માટેના ખર્ચની ચૂકવણી માટે બાળસંભાળ વાઉચરનો ઉપયોગ થઈ શકે છે. તમે તમારા પગારનો અમુક ભાગ વાઉચરમાં બદલાવો, અને રાષ્ટ્રીય ઈન્સ્યુરેન્સ માટે દર અઠવાડિયે ચૂકવાતા £50 માંથી બચત કરો, આમ હકીકતમાં તમે વધારે પગાર મેળવો છો. એપ્રિલથી, દર અઠવાડિયાના £50 માંથી પણ કર બચાવતા થશો. વધુ માહિતી માટે તમારી સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.) સંસ્થાનો સંપર્ક કરો.

*'મારે કટોકટીમાં રજા લેવી હોય તો તેનું શું?'*
તેમ બનવાની સંભાવના છે જ - તમારું બાળક અસ્વસ્થતા અનુભવતું જાગે અથવા તમારો બાળસંભાળ રાખનાર ગેરહાજર રહે. ગમેતેમ - દરેક જણને કુટુંબમાં તકલીફ ઊભી થાય ત્યારે ટૂંકા ગાળાની નોટિસે કટોકટીની રજા લેવાનો અધિકાર છે - સાધારણ રીતે વગર પગારે એક અથવા બે દિવસ માટે. સંપૂર્ણ વિગતો માટે, મેટરનીટી એલાયન્સ હેલ્પલાઈન અથવા વેબસાઈટનો સંપર્ક કરો (જૂઓ સંપર્ક, પાના નં. 26). જો તમે કરી શકતાં હો તો, ફોન કરી શકાય તેવા શક્ય બાળસંભાળ રાખનારાઓની સૂચી બનાવો અને થોડા રજાના દિવસો કટોકટીમાં વાપરી શકાય તે માટે ફાજલ રાખો.

*ઘર માટેનાં સૂચનો*
નોકરી કરતાં મા / બાપ તરીકે, તમારો ઘરનો સમય કિંમતી છે. તે અજુગતું લાગે છે, પણ સમય બચાવવાના સાદા પગલાં અવિશ્રાન્ત કાર્યક્રમ ઉપરનું દબાણ ઉઠાવી લે છે. તમારો દૈનિક કાર્યક્રમ બનાવો, અગત્યની તારીખની નોંધ રાખો, ઘર કામ કરવા માટે મુકરર સમય રાખો, અને ઘરેડ સ્થાપિત કરો, જેમ કે તમારા અને તમારા બાળકના કપડાં આગલી રાતે જ તૈયાર કરવાં. તમારે જો મોટી ઉંમરના બાળકો હોય તો તેમને મદદ કરવા કહો, અને તમારી જાતને ઉચ્ચ ગુણવત્તા માટે કરીને બહુ સજા ન કરશો - આનાથી જિંદગી સરળ બનશે.

**સ્થિતિ સ્થાપક કામ** *'પુરા સમય માટે પાછા જવું નક્કી નથી?'*

**કોણ અરજી કરી શકે છે?**
છ વર્ષની નીચેના બાળકો અથવા 18 વર્ષ સુધીના વિકલાંગ બાળકોના માબાપ (દત્તક લેનાર માબાપ, વાલીઓ, પાલનપોષણ કરતા સંભાળ રાખનારાઓ સહિત) હવે સ્થિતિ સ્થાપક કામકાજના કલાકો માટે અરજી કરી શકે છે, ઘરમાં કામ કરનાર સહિત. કાયદાના અમલમાં આવ્યા બાદ લગભગ એક મીલીયનથી પણ વધારે માબાપોએ સ્થિતિ સ્થાપક કામના કલાકોની માગણી કરી છે. તમારા બૉસે સાંભળવું જ પડશે, અને સ્પષ્ટ ધંધાકીય કારણ હશે ત્યારે જ ફક્ત 'ના' કહી શકશે, અને તે પણ તેણે / તેણીએ લેખિત આપવાનું રહેશે. વિનંતી વ્યવસ્થિત ભાષામાં હોવી જોઈએ, પત્રક ડી.ટી.આઈ. માં મળે છે. તમને જાતિય ભેદભાવ કાયદા હેઠળ પણ હક્ક મળે છે.

કામ માટેના સ્થિતિસ્થાપક વિકલ્પો તમારા માટે હોય તો, નીચે દર્શાવેલ આલેખનમાં ચકાસણી કરો.

**વધુ માહિતી માટે...**ટેઈલર્ડ ઈન્ટરએકટીવ ગાઇડન્સ ફૉર એમ્પ્લોયમેન્ટ રાઈટસ્ માટે **www.tiger.gov.uk** ની મુલાકાત લો **www.dti.gov.uk/workingparents** ની મુલાકાત લો અથવા કામે જતાં કુટુંબો માટેની નિ:શુલ્ક કાનૂની હેલ્પલાઈનને **0800 013 0313** નંબર પર ફોન કરો.

| કામ કરવાની રીત | આનો અર્થ શું થાય |
|---|---|
| સીમિત-સમય | અઠવાડિયામાં થતા કુલ કામના કલાકો કરતા ઓછા. પરંતુ તમને ઓછા કામના કલાકો કરવા બદલ જરાય અલગ રીતે તમારી સાથે વ્યવહાર કરી શકાશે નહીં. |
| સ્થિતિસ્થાપક કામગીરી | કોર ટાઇમ તરીકે ઓળખાતા, અમુક કલાકો માટે કામ કરવા માટે તમે મંજૂર થાવ છો (ઉદાહરણ તરીકે, સવારે 10 થી બપોરે 12 સુધી અને બપોરે 2 થી સાંજે 4 સુધી). પરંતુ, તમે આ કલાકો સિવાય પણ તમારી મરજી મુજબ આવ જાવ કરી શકો છો અને મુકરર કરેલા કલાક કામ કરી શકો છો અને જે વધારાના કલાક કામ કર્યુ તેને આગળ જતાં રજા તરીકે વાપરી શકો છો. |
| જૉબ શેરીંગ | નોકરી બે વ્યક્તિ વચ્ચે વહેંચી દેવામાં આવે છે. આવક, લાભો અને નિવૃત્તિ વેતનના હક્કના પણ ભાગલા કરવામાં આવે છે. |
| સત્ર-સમયની કામગીરી | કાયમી પૂરા અથવા સીમિત સમયની નોકરીમાં, તમે શાળાની છુટ્ટીના દિવસોમાં વગર પગારે રજા લો છો, પગાર આખા વર્ષ દરમ્યાન મળે તે રીતે ફાળવી દો છો, જેથી તમને વર્ષ પર્યંત નિયમિત રીતે પગાર મળતો રહે. |
| શાળાના કલાકો | તમે શાળાના કલાકો દરમ્યાન કામ કરો, જેથી કામ ન કરતાં હો તે સમયે તમે બાળકોને શાળાએ મૂકવા તથા લેવા જઈ શકો. |
| સ્ટૅગર્ડ કલાકો | 9-5 ની બદલે, 7-3 અથવા 11-7 કેમ રહેશે? પણ જો તમે છ કલાક કરતા વધારે કામ કરતા હો તો તમારે 20 મિનિટનો વિરામ લેવો જોઈશે. |
| સંક્ષિપ્ત કલાકો | તમે વધારે કલાક કામ કરો, અઠવાડિયાના ઓછા દિવસો (દા.ત. દશ-કલાકના ચાર દિવસ, અઠવાડિયાના ચાર દિવસ, શુક્રવારે રજા). |
| ઘરેથી કામગીરી | ઑફિસના કામની બદલી ઘરમાં કરો, બધાં અથવા અઠવાડિયાના થોડાં દિવસો માટે, મીટિંગ / જાણકારી માટે ઑફિસ જવાનું રાખો. |

**બાળસંભાળની નોકરી વિષે વિચારો છો?**

માબાપ તરીકે તમારાં બાળકોને સલામત, સ્વાસ્થ્ય અને આનંદમય વાતાવરણમાં ઉછેરવાનું તમારા માટે સૌથી વધુ મહત્ત્વનું છે. પણ તમને ખબર હતી કે તમને પોતાને પણ બાળસંભાળમાં કામ કરવાની તક છે?

**બાળસંભાળને લગતી ઘણી બધી નોકરી માબાપ માટે ઉત્તમ હોય છે - લાભમાં સમાવેશ થઈ શકે છે :**

- કૌટુંબિક જિંદગીને અનુરૂપ કામ કરવાના કલાકોની નોકરી
- વિવિધતાયુક્ત, મસ્તીમજાક અને પડકારભર્યુ કામ
- ગર્વ લઈ શકો તેવી કારકિર્દી
- કાબેલિયત અને તાલીમ મેળવવાની તકો

**તો શા માટે તમે પોતે જ બાળસંભાળમાં કારકિર્દી વિષે ના વિચારો?**

ઉચ્ચ ગુણવત્તાની બાળસંભાળ અને શિક્ષણની આ દેશમાં ઊંચી માંગ છે. તેથી જ તમારા જેવી - જવાબદારી, ખંતીલી અને દરકાર રાખવાના સ્વભાવવાળી - વ્યક્તિઓને અગત્યનો ભાગ ભજવવાની જરૂર છે.
બાળસંભાળ વિભાગમાં કારકિર્દી બનાવવાની ઘણા બધા પ્રકારની તકો છે. નોકરી, સ્થળ, કલાકો, અને તમે સંભાળ રાખતા બાળકોની ઉંમર બાબતમાં અનેક વૈવિધ્ય હોઈ શકે છે.
નિયોક્તાઓ કેળવાયેલા અને બીનકેળવાયેલા કર્મચારીઓની શોધમાં હોય છે, બધા જ તબક્કે નોકરી કરતાં કરતાં ઘણા બધા પ્રકારની તાલીમ મળી શકે તેમ હોય છે.

**બાળસંભાળની નોકરીના અત્રે થોડા દાખલા આપ્યા છે :**

- શિશુગૃહ નર્સ - ટીમના એક સભ્ય તરીકે કામ કરતાં તમારે, રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન કરવું, બાળકોને વિકાસમાં મદદ કરવી, તેઓના કુટુંબો સાથે સંબંધ બાંધવા.
- પ્રી-સ્કુલ કાર્યકર - બે થી પાંચ વર્ષના બાળકોનું ધ્યાન રાખતાં, તમે પ્રી-સ્કુલ અથવા રમતગમત ગ્રુપમાં કામ કરશો અને બાળકો પુરા સમયનું શિક્ષણ શરૂ કરે ત્યાર પહેલાં તેમના વિકાસને ઉદ્દીપ્ત કરશો.
- ચાઈલ્ડમાઈન્ડર - સાધારણ રીતે પોતાના જ ઘરમાં બાળકોની સંભાળ રાખવી. તમારી સંભાળમાંના બાળકો સાથે રચનાત્મક પ્રવૃત્તિ કરવી, જમાડવાં અને તેમનાં કપડાં બદલવાં, તેમને બહાર લઈ જવાં - તેઓ ખુશ રહે અને તેમને આનંદ મળે તેની ખાત્રી કરવી (ચાઈલ્ડમાઈન્ડર બાબતની હકીકત માટે જૂઓ પાના નં.10).

**ભણવાની દરકાર છે?**
જો તમે 16 અને 19 વર્ષની વચ્ચેના યુવા માતા અથવા પિતા હો અને તમારે ભણવાની શરૂઆત અથવા પાછુ ચાલુ કરવાનું ઇચ્છતાં હો તો, તેને સાકાર કેવી રીતે કરશો? આભાર ભણવાની દરકાર યોજનાનો, તમારી બાળસંભાળ અને વધારાની મુસાફરીનો ખર્ચ ચૂકવી શકાશે. કેર ટુ લર્ન તમને મદદ કરી શકે કે કેમ તે જાણવા **0845 600 2809** નંબર પર હેલ્પલાઈનને કૉલ કરો અથવા [www.dfes.gov.uk/caretolearn/parents.cfm](www.dfes.gov.uk/caretolearn/parents.cfm) ની મુલાકાત લો. અહીં તમને જીવનની સત્ય કથાઓ, અભ્યાક્રમના પ્રકાર, વારેઘડીએ પુછાતાં પ્રશ્નો અને ઉપયોગી લિંક મળશે.
**વધુ જાણકારી માટે...**જો તમને શિરપાવરૂપ અને સ્થિતિસ્થાપક કારકિર્દીમાં રસ હોય તો શા માટે નિ:શુલ્ક માહિતી પેક માટે નેશનલ ચાઈલ્ડકેર રેક્રુટમેન્ટ ઑર્ડર ઑન લાઈનને **0800 996600** નંબર પર ફોન કરી અને **એલ.એફ.સી.** નો નિર્દેશ ન કરવો
તેની બદલીમાં, તમે તમારી સ્થાનિક સત્તાની રેક્રુટમેન્ટ ટીમનો સંપર્ક કરી શકો છો. તેઓની વિગતો [www.childcarecareers.gov.uk](www.childcarecareers.gov.uk) પર મળી

શકશે. તેઓ તમારા ક્ષેત્રની સંભવિત નોકરીની અને તાલીમની તકો વિષેની જાણકારી ઉપલબ્ધ કરાવી શકશે. આ વેબસાઈટ પર, શેની આશા રાખી શકાય તે સંબંધી અંદરનાઓના વિચારો અને ત્યાં પહેલેથી કામ કરતી વ્યક્તિઓએ તૈયાર કરેલ કિસ્સાઓની વિગતો હોય છે.

**સ્યુરસ્ટાર્ટનું ભાવિ, બાળસંભાળ અને શરૂઆતના વર્ષો**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં સરકારે બાળસંભાળ અને પ્રારંભિક વર્ષોની સેવાનો ઘણો વિકાસ કર્યો છે. ત્રણ અને ચાર વર્ષની ઉંમરના બધાંય બાળકો નિ:શુલ્ક સીમિત સમયના પ્રારંભિક શિક્ષણ માટે અધિકારી છે; હાલમાં લગભગ 1.17 મીલીયન રજીસ્ટર્ડ બાળસંભાળ કેંદ્રો ઉપલબ્ધ છે; દરેક સ્થાનિક સત્તા પાસે બાળકોની માહિતી સેવા છે જે રજીસ્ટર્ડ બાળસંભાળ સેવાની અત્યાધુનિક માહિતી પુરી પાડે છે, અને તમારા બાળકની સંભાળ લેનાર વ્યક્તિ યોગ્ય તાલીમ પામેલ અને ચકાસણી કરાયેલ છે કે કેમ તેની ખાત્રી કરવા માટેના રાષ્ટ્રીય ધોરણો મોજૂદ છે.

પણ હજુ ઘણું કરવાનું બાકી છે. સરકારની બાળસંભાળ અંગેની દશ વર્ષની યોજનાનું લક્ષ્ય છે ખાત્રી કરવાનું કે બધાંય બાળકોની જિંદગીની ઉત્તમોત્તમ શરૂઆત થાય અને માબાપને તેમના કુટુંબ અને કામનો સમન્વય કરવા માટે ખરેખરના વધુ વિકલ્પો મળે. યોજનામાં સમાવેશ થાય છે :

• પહેલાં વર્ષે તમારા બાળક સાથે **વધુ સમયની રજા** : એપ્રિલ 2007 સુધીમાં પગાર સહિતની માતૃત્વ રજા વધીને નવ મહિનાની થશે, અને 2010 સુધીમાં સરકાર બાર મહિનાની કરવા માગે છે.
• **વધુ સ્યુરસ્ટાર્ટ બાળકોના કેંદ્રો** : 2008 સુધીમાં દરેક સ્થાનિક સત્તામાં ઓછામાં ઓછું એક કેંદ્ર હશે, અને 2010 સુધીમાં પાંચ વર્ષની અંદરના બાળકોવાળા દરેક કુટુંબને સ્યુરસ્ટાર્ટ સેવાની સુવિધા હશે.
• ઘણા માબાપ માટે **બાળસંભાળના ખર્ચે પેટે વધારે મદદ** : એપ્રિલ 2005 થી, કર્મચારી કર રાહત દ્વારા દરેક મા / બાપ અધિકૃત બાળસંભાળ ખર્ચની 70% રકમ માટે દાવો કરી શકે છે, જે 1 બાળક દીઠ અઠવાડિયાના £175 સુધી હોય છે અને 2 અથવા વધારે બાળકો હોય તો £300 સુધી હોય છે. એપ્રિલ 2006 થી કર્મચારી કર રાહતમાં થતા ફેરફારોનો અર્થ એમ થાય કે કામે જતાં યુગલના વાર્ષિક £34,000 માં, ઉદાહરણ તરીકે, બે બાળકો માટેની સહજ બાળસંભાળમાં, £700 ની બચત કરી શકશે.
• **બાળસંભાળ અને દેખરેખમાં થતી પ્રવૃત્તિ પ્રસ્તુત કરતી શાળાઓ અને હોમવર્ક ક્લબ સવારે 8.00 થી સાંજે 6.00 સુધી.**
• **બધાં જ ત્રણ અને ચાર વર્ષની ઉંમરનાં માટે નિ:શુલ્ક શિશુગૃહ જગ્યા વર્ષના 38 અઠવાડિયા માટે**, વધારે કલાકો સાથે ઉપલબ્ધ : 2007 સુધીમાં 15 કલાક અને લાંબે ગાળે 20 કલાક. સમય જતાં કલાકોની સ્થિતિસ્થાપકતાનો વિકલ્પ પણ હશે, ઉદાહરણ તરીકે, 15 કલાકને બદલે 5 કલાકના ત્રણ દિવસ.

**વધારે માહિતી માટે...** **www.surestart.gov.uk** ની મુલાકાત લો.

**માહિતી ક્યાંથી મળશે (Where to find info)**

તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા (સી.આઈ.એસ.)ના સંપર્ક દ્વારા શરૂઆત કરો. દરેક સ્થાનિક સત્તામાં સી.આઈ.એસ. હોય છે અને તે દરેક પાસે તમારા ક્ષેત્રમાં ઉપલબ્ધ હોય તેવી દરેક વિવિધ સ્થાનિક બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણ સેવા બાબતની સૂચી હોય છે. આ સૂચીને નિયમિત રીતે અદ્યતન બનાવવામાં આવતી હોય છે અને તેમાં જણાવેલ રજીસ્ટર્ડ બાળસંભાળ રાખનારાઓ અને જગ્યા નિયમિત ધોરણે ઑફિસ ફૉર સ્ટાન્ડર્ડ્સ્ ઇન એજ્યુકેશન (ઑફસ્ટેડ) દ્વારા તપાસવામાં આવે છે, માટે તમે સલામતી અને ગુણવત્તા માટે નિશ્ચિત રહેશો (જૂઓ પાના નં. 50). સંપર્ક માટેની વિગતો ઉપરાંત, તમારા સ્થાનિક સી.આઈ.એસ. તમને ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ કરાવશે, જેમ કે ખૂલવાનો સમય, ઉંમરની પાબંદી, પાર્કીંગ સુવિધા અને ખર્ચ - જે તમે કૉલ કરો તે પહેલાં શરૂઆત કરવા માટે પૂરતી છે.

**વધુ માહિતી માટે...**ચાઈલ્ડકેર લિંક નં. **0800 096 02 96** ઉપર તમારા સ્થાનિક બાળકોની માહિતી સેવા વિભાગના નંબર માટે ફોન કરો અથવા **www.childcarelink.gov.uk** ની મુલાકાત લો. બાળકો, માતા-પિતા અને જનસમાજને સરકાર તરફથી મદદ અંગેની માહિતી માટે **www.surestart.gov.uk** ની મુલાકાત લો. તમારા બાળકના અભ્યાસ અંગે માહિતી અને સલાહ અને માબાપ માટે સલાહ અને સહાય માટે www.parentscentre.gov.uk ની મુલાકાત લો. કેંદ્ર સરકારના વિભાગો બાબતની એ-ઝેડ માહિતી માટે www.direct.gov.uk ની મુલાકાત લો.

**સંપર્કો**
ઘણી બધી સંસ્થાઓ બાળસંભાળ અને પ્રારંભિક શિક્ષણને લગતાં ખાસ પ્રશ્નોના જવાબ અને માહિતી આપવા માટે તૈયાર હોય છે - ઑન લાઈન અથવા ફોન પર. શરૂઆત તરીકે આ બધાને અજમાવી જૂઓ :

**એ**
4Children (formerly Kids' Clubs Network)
(4 ચીલ્ડ્રન (પૂર્વે કીડસ્ ક્લબ નૅટવર્ક તરીકે ઓળખાતું))
City Reach, 5 Greenwich View Place London E14 9NN
ટેલી : 020 7512 2112 ફેક્સ : 020 7537 6012
ઈ-મેઈલ : Info@4Children.org.uk
www.4children.org.uk

**બી**
Basic Skills
(મૌલિક કાર્યકુશળતા)
www.basic-skills.co.uk

Bookstart
(બુક સ્ટાર્ટ)
બાળકોને નિ:શુલ્ક પુસ્તકો ઉપલબ્ધ કરાવતી રાષ્ટ્રીય યોજના
www.bookstart.co.uk

**સી**
CAPT Child Accident Prevention Trust
(સી.એ.પી.ટી. બાળક અકસ્માત નિવારણ ટ્રસ્ટ)
22-26 Farringdon Lane, London EC1R 3AJ
ટેલી : 020 7608 3828 ઈ-મેઈલ : safe@capt.org.uk
www.capt.org.uk

Care to Learn
(ભણવાની દરકાર છે)
જો તમે વિદ્યાર્થી (19 વર્ષની નીચે) હો તો તમને બાળસંભાળ અંગેના ખર્ચ માટે મદદ મળી શકે.)
હેલ્પલાઈન : 0845 600 2809 અથવા
ની મુલાકાત લો
www.dfes.gov.uk/caretolearn/parents.cfm

Child Benefit Enquiry Line
(બાળ લાભ પૂછતાછ લાઈન)
ટેલી : 0845 302 1444
www.inlandrevenue.gov.uk

Childcare Approval Scheme
(બાળસંભાળ મંજૂરી યોજના)
હેલ્પલાઈન : 0845 767 8111
www.childcareapprovalscheme.co.uk

Childcare Careers
(બાળસંભાળ કારકિર્દી)
બાળસંભાળ કારકિર્દી અંગેની માહિતી, સલાહ અને કિસ્સા અભ્યાસ
www.childcarecareers.gov.uk

ChildcareLink
(ચાઈલ્ડકેર લિંક)
તમારી સ્થાનિક બાળકોની સેવા (સી.આઇ.એસ.), જે તમારા સ્થાનિક ક્ષેત્રમાં રજિસ્ટર થયેલ બાળસંભાળની સૂચી રાખે છે, તે અંગેની વિગતો આપે છે.
ટેલી : 0800 096 02 96
www.childcarelink.gov.uk

**સી**
Children's Information Service (CIS)
(બાળકો માટેની માહિતી સેવા (સી.આઇ.એસ.))
લોકસમાજમાં સ્થાપિત, તમારા સ્થાનિક (સી.આઇ.એસ.) બાળકો તથા માતાપિતા માટે તમામ સ્થાનિક બાળસંભાળ, શરૂઆતનું શિક્ષણ અને અન્ય સંભાળ અને સહાય સેવા અંગેની માહિતી ધરાવે છે. તમારા સ્થાનિક સી.આઇ.એસ. નંબર માટે ફોન કરો 0800 096 02 96. તમારા સ્થાનિક સી.આઇ.એસ. નંબર માટે
www.childcarelink.gov.uk

Children in Scotland
(સ્કોટલૅંડમાં બાળકો)
સ્કોટલૅંડ સ્થિત બાળકો અને તેમના કુટુંબો માટે સેવા અંગેની માહિતી
ટેલી : 0131 228 8484
ઈ-મેઈલ : info@childreninscotland.org.uk
www.childreninscotland.org.uk

Children in Wales / Plant Yng Nghymru
(વેલ્સ સ્થિત બાળકો / Yng Nghymru પ્લાન્ટ)
વેલ્સ સ્થિત બાળકો અને તેમના કુટુંબો માટે સેવા અંગેની માહિતી)
ટેલી : 02920 342434
ઈ-મેઈલ : info@childreninwales.org.uk
www.childreninwales.org.uk

Child Support Agency
(બાળ સહાય એજન્સી)
ટેલી : 0845 713 3133
www.csa.gov.uk

Citizens Advice Bureau
(નાગરિક સલાહ કાર્યાલય)
www.adviceguide.org.uk

Contact a Family
(કુટુંબ સાથે સંપર્ક)
વિકલાંગ બાળકોવાળા કુટુંબોને મદદ કરે છે
હેલ્પલાઈન : 0808 808 3555 - જ્યાં તમારા ક્ષેત્રના અન્ય માતાપિતા સાથે તમારી જરૂરીયાતો અંગેની ચર્ચા કરી શકો છો.

Crossroads
(ક્રોશ રોડસ્)
તમારા બાળકની અટપટી જરૂરીયાતો માટે સલાહ અને તાલીમ પામેલ સહાય કાર્યકરો પુરા પાડી શકે છે.
ટેલી : 0845 450 0350

**ડી**
Daycare Trust
(દિવસસંભાળ ટ્રસ્ટ)
રાષ્ટ્રીય બાળસંભાળ ચેરીટી
21 St. George's Rd, London SE1 6ES
ટેલી : 020 7840 3350
ઈ-મેઈલ : info@daycaretrust.org.uk
www.daycaretrust.org.uk

ડી

Department for Trade and Industry (DTI)
(વેપાર અને ઉદ્યોગ વિભાગ (ડી.ટી.આઇ.))
www.dti.gov.uk
www.tiger.gov.uk
ડી.ટી.આઈ. ટેઈલરડ્ ઈન્ટરએક્ટીવ ગાઇડન્સ ઑન એમ્પ્લોયમેન્ટ રાઈટ્સ્ (ટાઇગર); માતૃત્વ અને પિતૃત્વ રજા, સાનુકૂળ કામ ઇત્યાદિ.

DirectGov
(ડીરેક્ટગોવ)
કેંદ્ર સરકાર બાબત એ ટુ ઝેડ
કેંદ્રીય સરકારના વિભાગો, કાર્યપાલક એજન્સી અને અ-વિભાગીય જાહેર સંસ્થાની સૂચી બનાવે છે.
www.direct.gov.uk

Direct payments
(સીધી ચૂકવણી)
ટેલી : 08701 555 455
'સીધી ચૂકવણી અંગે માતાપિતાની માર્ગદર્શિકા' માટે (31762 નિર્દેશનો ઉલ્લેખ કરો).

Disability Benefits Helpline
(વિકલાંગ રાહત હેલ્પલાઈન)
ટેલી : 0800 88 22 00
Disability Rights Commission
(વિકલાંગ હક્ક સમિતિ)
કાનૂની જરૂરિયાતો અંગે વિગતવાર માર્ગદર્શન
ટેલી : 08457 622633

ઈ

Early Support Programme
(શરૂઆતની સહાય યોજના)
વિકલાંગ બાળકો અને તેમના કુટુંબો માટેની સેવામાં સુધારા માટે સરકાર દ્વારા પહેલ, ખાસ કરીને ત્રણ વર્ષની અંદરના બાળકો માટે. 'કુટુંબ માટે શરૂઆતની સહાય પેક' માટે ફોન કરો 0845 60 222 60 અને ઈ.એસ.પી.પી.1 નો નિર્દેશ કરો.
શરૂઆતની સહાય યોજના અંગેની વધારે વિગત માટે -
www.espp.org.uk

Early Years Equality
(શરૂઆતના વર્ષોમાં સમાનતા)
ઍથનીક લઘુમતી કોમના માતાપિતા માટે સહાય પ્રસ્તુત કરે છે.
ટેલી : 0151 639 1778
info@earlyyearsequality.org
www.earlyyearsequality.org

Employment Agency Standards – Department of Trade and Industry (DTI)
(રોજગાર એજન્સી ધોરણો - વેપાર અને ઉદ્યોગ વિભાગ (ડી. ટી. આઈ))
એજન્સીના વર્તન અંગે નિ:શુલ્ક ગોપનીય ફરિયાદ સેવા. કુટુંબો અથવા આયા દ્વારા કરાયેલ ફરિયાદની તપાસ કરે છે.
1 Victoria Street, London SW1H 0ET
હેલ્પલાઈન : 0845 955 5105 (સ્થાનિક દર લાગુ પડે છે)
ઈ-મેઈલ : eas@dti.gsi.gov.uk
www.dti.gov.uk/er/agency-kyr.html

Equal Opportunities Commission
(સમાન તક આયોગ)
કામના સ્થળે માતાપિતાના અધિકાર બાબત સલાહ
ટેલી : 0845 601 5901
www.eoc.org.uk

એફ

Fathers Direct
(ફાધરસ્ ડાઇરેક્ટ)
પિતાઓ માટે ઉપયોગી માહિતી
www.fathersdirect.com

નિભાવ કરવામાં આવતી શિશુગૃહ શાળા અને બાળકોનું કેંદ્ર માટેનું ફોરમ
www.early-education.org.uk/nsfnewhome.htm

જી

Gingerbread
(જીંજરબ્રેડ)
સલાહ માટેની નિ:શુલ્ક સેવા
ટેલી : 0800 018 4318.
www.gingerbread.org.uk

એચ

Healthy Eating
(આરોગ્યવર્ધક ખોરાક)
પાંચ વર્ષની અંદરના બાળકો માટે સ્વાસ્થ્યને લગતા મુદ્દાઓ બાબતે સલાહ.
www.publications.doh.gov.uk/birthtofive

HomeDad
(હોમડેડ)
બાળકોના ઉછેર માટે ઘરે રોકાતા પિતાઓને સહાય કરે છે
www.HomeDad.org.uk

Home Start
(હોમ સ્ટાર્ટ)
નાના બાળકોવાળા માતાપિતાને મિત્રતા, સહાય અને વહેવારુ મદદ પ્રસ્તુત કરે છે.
www.home-start.org.uk

આઈ

Inland Revenue Tax Credits
(આંતરદેશીય મહેસૂલી કર રાહત)
તમારા કર રાહત અધિકાર અંગેની જાણકારી
ટેલી : કર રાહત હેલ્પલાઈન 0845 300 3900
www.taxcredits.inlandrevenue.gov.uk
(ફક્ત કર રાહત પ્રશ્નો અંગે)

જે

Jobcentre Plus
(જોબ સૅન્ટર પ્લસ)
www.jobcentreplus.gov.uk

કે

Kidsactive
(કીડ્સએક્ટીવ)
વિકલાંગ બાળકો માટે રમત અને તક
6 Aztec Row, Berners Road, London N1 0PW
ટેલી : 020 7359 3635 ફેક્સ : 020 7359 8238
ઈ-મેઈલ : enquiries@kids-online.org.uk
www.kidsactive.org.uk

Know your Rights
(તમારા અધિકારો જાણો)
કામના સ્થળે ચર્ચાના મુદ્દાઓ અંગેની માહિતી માટે ફોન કરો નો યોર રાઈટસ્ લાઈન)
ટેલી : 0870 600 4882
**www.tuc.org.uk**

**એલ**
Learndirect
(લર્ન ડાઈરેક્ટ)
**www.learndirect.co.uk**

**એમ**
Maternity Grant
(માતૃત્વ રાહત)
સ્યુર સ્ટાર્ટ માતૃત્વ રાહત. અરજીપત્રક માટે તમારા સ્થાનિક જોબ સૅન્ટર પ્લસનો સંપર્ક કરો.

Maternity Alliance
(માતૃત્વ સમૂહસંઘ)
માતૃત્વ અને પિતૃત્વ અધિકારો અને હક્ક વેબસાઈટ, ટેલિફોન હેલ્પલાઈન દ્વારા
માહિતી લાઈન : 020 7490 7638
**www.maternityalliance.org.uk**

**એન**
National Association of Toy & Leisure Libraries
(રમકડાં અને આરામ પુસ્તકાલયનું રાષ્ટ્રીય સંઘ)
ટેલી : 020 7255 4600
**admin@playmatters.co.uk**

National Childbirth Trust
(રાષ્ટ્રીય બાળજન્મ ટ્રસ્ટ)
ગર્ભાવસ્થા, જન્મ અને માતાપિતા તરીકેના શરૂઆતના સમય અંગે માહિતી અને સહાય માટે
Alexandra House, Oldham Terrace, London W3 6NH
પૂછતાછ લાઈન : 0870 444 8707
ઈ-મેઈલ : enquiries@national-childbirth-trust.co.uk
**www.nctpregnancyandbabycare.com**

National Childminding Association
(રાષ્ટ્રીય ચાઈલ્ડમાઈન્ડીંગ સંઘ)
ચાઈલ્ડમાઈન્ડરની પસંદગી અંગે માહિતી અને સોદા તૈયાર કરવા અંગેની માહિતી
8 Masons Hill, Bromley Kent, BR2 9EY
ટેલી : 0800 169 4486
**www.ncma.org.uk**

National Day Nurseries Association
(રાષ્ટ્રીય દિવસીય શિશુગૃહ સંઘ)
દિવસીય શિશુગૃહ તથા બાળસંભાળ પસંદગીની બાતમીની સૂચી માટે
Oak House, Woodvale Road Brighouse, West Yorkshire, HD6 4AB
ટેલી : 0870 774 4244
**www.ndna.org.uk**

National Family & Parenting Institute
(નેશનલ ફૅમિલી ઍન્ડ પેરેન્ટીંગ ઇન્સ્ટિટ્યૂટ)
430 Highgate Studios 53-79 Highgate Road London NW5 1TL
ટેલી : 020 7424 3460
ફેક્સ : 020 7485 3590
ઈ-મેઈલ : info@nfpi.org
www.nfpi.org or **www.e-parents.org**

NCH Action for Children
(એન.સી.એચ. એક્શન ફૉર ચીલ્ડ્રન)
હેલ્પલાઈન : 0845 762 6579 (સ્થાનિક દરે કોલનો ચાર્જ, સવારે 9.00 થી બપોરે 5.00 વાગ્યા સુધી, સોમવાર થી શુક્રવાર ખુલ્લુ હોય છે)
**www.nchafc.org.uk**

**એન**
NSPCC (National Society for the Prevention of Cruelty to Children)
(એન.એસ.પી.સી.સી. (બાળકોને થતા અત્યાચાર રોકવા માટેની રાષ્ટ્રીય સોસાયટી))
હેલ્પલાઈન : 0808 800 5000
**www.nspcc.org.uk**

**ઓ**
Office for Standards in Education (Ofsted)
(શિક્ષણમાં ધોરણો અંગેની ઑફિસ (ઓફસ્ટેડ))
રજિસ્ટર થયેલ બાળસંભાળ વ્યવસ્થા બાબતે ગંભીર ફરિયાદ અને / અથવા ચિંતા માટે કોલ કરો
એલેકઝાન્ડ્રા હાઉસ,
33 Kingsway, London WC2B 6SE
ટેલી : 020 7421 6800 હેલ્પલાઈન : 0845 601 4771
**www.ofsted.gov.uk**

One Parent Families
(એક મેંતા / પિતાવાળા કુટુંબો)
પોતાની મેળે પોતાના બાળકના ઉછેર કરવા અંગે માતાપિતાને માહિતી અને સલાહ
ટેલી : 0800 018 5026
**www.oneparentfamilies.org.uk/**
સ્થાનિક સહાય સમુહો માટે જૂઓ જીંજરબ્રેડ

**પી**
Parental Involvement
(માતાપિતાને સંમિલિત કરવા)
આ સાઈટ પર માતાપિતાને સંમિલિત કરવા અંગેના દરેક પાસા બાબતની માહિતી મળશે.
**www.standards.dfes.gov.uk/parentalinvolvement**

Parents Centre
(માતાપિતા કેંદ્ર)
પોતાના બાળક અથવા બાળકોને શીખવામાં મદદની જરૂર હોય તેવા સર્વે માતાપિતા અને સંભાળ રાખનાર માટે માતાપિતા કેંદ્ર છે. તે તમારા બાળકના ભણતર અને અંગ્રેજી શિક્ષણ પદ્ધતિ બાબત તમને સહાય, માહિતી અને સલાહ આપવા માટે છે.
**www.parentscentre.gov.uk**

Parentline Plus

(પેરંટલાઈન પ્લસ)
યુ. કે. માં રજિસ્ટર થયેલ સંસ્થા જે 24 કલાક નિ:શુલ્ક હેલ્પલાઈન પુરી પાડે છે અને બાળકની સંભાળ રાખતી કોઈપણ વ્યક્તિને સહાય કરે છે.
ટેલી : 0808 800 2222
**www.parentlineplus.org.uk**

Parents Online
(પેરંટસ્ ઑનલાઈન)
તમારા બાળકના શરૂઆતના શિક્ષણ, પારસ્પરિક અસર કરતી કડીઓ અને ઑનલાઈન સુરક્ષા બાબતની માહિતી અંગે જાણો.
www.parentsonline.gov.uk
Pre-School Learning Alliance
(પ્રી-સ્કુલ લર્નિંગ એલાયનસ્)
સ્કૂલ પહેલાના સમય અંગેની જોગવાઇ બાબત જાણકારી
ટેલી : 020 7833 0991
**www.pre-school.org.uk**

**પી**
Professional Association of Nursery Nurses (PANN)
(શિશુગૃહ પરિચારિકાઓનું વ્યવસાયી સંઘ)
આયાને કામ પર રાખવા અંગેની માહિતીના પેક માટે
2 St James Court, Friars Gate, Derby, DE1 1BT
ટેલી : 01332 372 337
ઈ-મેઈલ : pann@pat.org.uk
**www.pat.org.uk/**

**ક્યુ**
Quality Checks See Ofsted
(યોગ્યતા ચકાસણી જૂઓ ઑફસ્ટેડ)

**આર**
Read and Write Plus
(રીડ ઍન્ડ રાઈટ પ્લસ)
**www.dfes.gov.uk/readwriteplus**

Recruitment and Employment Confederation (REC)
(ભરતી અને રોજગાર સહયોગ (આર.ઈ.સી.))
દરેક જાતના બાળસંભાળ વિકલ્પો અંગેની માહિતી અને આયાને કામપર રાખવા અંગેના સોદાનો નમૂનો
36-38 Mortimer Street, London W1W 7RG
ટેલી : 020 7462 3260
**www.rec.uk.com/rec/home/index.aspx**

**એસ**
Sure Start (સ્યુરસ્ટાર્ટ) - બાળકો, માતાપિતા અને લોકસમાજને સરકારી સહાય અંગેની માહિતી અને સ્થાનિક સ્યુરસ્ટાર્ટ રચના અંગેની વિગતો.
ટેલી : 0870 000 2288
**www.surestart.gov.uk/**

**ટી**
Tax Credit Helpline
(કર રાહત હેલ્પલાઈન)
બાળસંભાળને લગતા ખર્ચમાં તમને કદાચ મદદ મળી શકે. બાળક કર રાહત અને કર્મચારી કર રાહત બાબત માહિતી સાથોસાથ ઑનલાઈન અરજીપત્રક અને ક્લેઈમ પેક
ટેલી : કર રાહત હોટલાઈન 0845 300 3900
**www.taxcredits.inlandrevenue.gov.uk**

**ટી**
TUC
(ટી. યુ. સી.)
કામકાજના સ્થળને લગતા મુદ્દાઓ અંગેની નિ:શુલ્ક હસ્તપત્રિકાઓની શ્રેણી, માતૃત્વના અધિકારો સહિત. તમારા અધિકારો જાણો)
હેલ્પલાઈન : 0870 600 4882
**www.tuc.org.uk**

Working Families
(રોજગાર પર જતા કુટુંબો)
કામ પર જતાં માતાપિતા અને સંભાળ રાખનારાઓને સહાય કરે છે અને અનુકૂળ કામકાજનો સમય, માતૃત્વ રજા અને બાળસંભાળ અંગેનું હકીકત પત્ર તેઓની વેબસાઈટ પર નિ:શુલ્ક આપે છે.
1-3 Berry Street, London EC1V 0AA
ટેલી : 020 7253 7243
ઈ-મેઈલ : office@workingfamilies.org.uk નિ:શુલ્ક કાનૂની હેલ્પલાઈન : 0800 013 0313 – માતાપિતા અને સંભાળ રાખનારાઓ માટે
**www.workingfamilies.org.uk**

Work-Life Balance Trust
Independent charity
(નોકરી-જીવન સમતોલન ટ્રસ્ટ)
ઈન્ડીપેન્ડેન્ટ ચેરીટી
22 Heath Rise, Kersfield Road, London, SW15 3HF
ટેલી : 020 8789 0136 ફેક્સ : 020 8785 4733
ઈ-મેઈલ : info@w-lb.org.uk
**www.w-lb.org.uk**
**www.worksmart.org.uk**

**અનુક્રમણિકા**


**આ**
આર્થિક સહાય 58, 66
આયાઓ 14, 60
ઑફસ્ટેડ 50
**ક**
કટોકટી માટે રજા 69
કર્મચારી કર રાહત (ડબલ્યુ.ટી.સી.) 6, 53, 54, 75
કર રાહત 6, 56, 58, 59
કરાર 43
કાબેલીયત 53
કામ
- કામ પર અથવા અભ્યાસ માટે પાછા ફરવું 68, 69
- બાળસંભાળની નોકરી 72, 73
- સ્થિતિસ્થાપક કલાકો 70, 71
- હક્કો 70
કાયદેસરનો પિતૃત્વ પગાર 66
કાયદેસરનો માતૃત્વ પગાર 66
**ખ**
ખર્ચ
- આયાઓ 60
- ચાઈલ્ડમાઈન્ડર્સ 60
- દિવસ પર્યંતના શિશુગૃહ 60
- પ્રી-સ્કુલ અને રમતગમત ગ્રુપસ્ 62
- બાળકોના કેંદ્રો 62
- શાળા-આધારિત સંભાળ 62
- શિશુગૃહ શાળાઓ 62
**ગ**
ગુણવત્તાની બાંયધરી 50
**ઘ**
ઘરેલું બાળસંભાળ 52
**ચ**
ચાઈલ્ડમાઈન્ડર્સ 10,11,60,61
ચાઈલ્ડમાઈન્ડર નેટવર્ક 13
**જ**
જન્મથી ત્રણ વર્ષ અગત્યના છે 47
**ડ**
ડબલ્યુ.ટી.સીનું બાળસંભાળ તત્વ 59
**દ**
દિવસ પર્યંતના શિશુગૃહ 18, 60
**ન**
નિ:શુલ્ક પ્રારંભિક શિક્ષણ 7
નિયોક્તા દ્વારા ઉપલબ્ધ કરાયેલ બાળસંભાળ વાઉચર 59
નિયોજીત મુલાકાત યોજવી
- પૂછવાના પ્રશ્નો 12, 16, 20, 24, 28, 32, 37
- કરાર 43
**પ**
પરવડે તેવી બાળસંભાળ 6
પાયાનો તબક્કો 47
પ્રારંભિક શિક્ષણ 7, 46
પ્રી-સ્કુલ 26, 62
**ફ**
ફરિયાદ 50
**બ**
બાળ કર રાહત 58
બાળ લાભ 67
બાળકોના કેંદ્રો 30, 31, 62, 63
બાળકોની માહિતી સેવા 8, 76
બાળકોને ઠરીઠામ કરવા 44
બાળસંભાળ માન્યતા યોજના 52
બાળસંભાળની કારકિર્દી 72
બાળસંભાળની પસંદગી 8
**મ**
માતૃત્વ ભથ્થુ 67
માતૃત્વ રજા 66
**ર**
રજિસ્ટર્ડ સંભાળ 50
રમતગમત ગ્રુપસ્ 26, 62
રાષ્ટ્રીય ધોરણો 50
**લ**
લાભો 66, 67
**વ**
વયવૃદ્ધિ સાથે અભ્યાસ 46
વિકલાંગતા 54
વિકલાંગતા જીવનનિર્વાહ ભથ્થુ 58
વિકાસ 46
વિશેષ જરૂરિયાતો 54, 55
**શ**
શાળા-બહારની સંભાળ 35
શાળા-સ્થિત બાળસંભાળ 34
શિશુગૃહ ક્લાસસ્ 22, 62
શિશુગૃહ શાળા 22, 62
શિશુનો વિકાસ 46
**સ**
સલામતી 50
સ્યુરસ્ટાર્ટ 74, 75
સાદી માતૃત્વ રજા 66
સ્થિતિસ્થાપક કામકાજ 70, 71

આ પુસ્તિકાની વધારે નિ:શુલ્ક નકલ માટે, સંપર્ક કરો : DfES Publications (ડી.એફ.ઈ.એસ. પબ્લીકેશનસ્),
PO Box 5050, Annesley, Nottingham NG15 0DL. ટેલી : 0845 60 222 60
ફેક્સ : 0845 60 333 60. મીનીકોમ : 0845 60 555 60. ઈ-મેઈલ : dfes@prolog.uk.com.
મહેરબાની કરી એલ.ઈ.એ.-1252-2005નો નિર્દેશ કરો અને તમને જોઈતી ભાષા જણાવો. તમે www.surestart.gov.uk/lookingforchildcare ની મુલાકાત લઈ અને અંગ્રેજી તેમ જ અન્ય 13 અન્ય ભાષામાં જોઈ શકો છો અને ડાઉનલોડ પણ કરી શકો છો.
સ્યુરસ્ટાર્ટ યુનિટનું કામ ફક્ત ઈંગ્લેન્ડમાં જ લાગુ પડે છે. સ્કોટલેંડ, વેલ્સ અને ઉત્તર આયરલેંડમાં પ્રાથમિક શિક્ષણ અને બાળસંભાળની જવાબદારી ત્યાંના જતન સોંપાયેલ વહીવટને હસ્તક છે. વધારે જાણકારી માટે નીચે મુજબના વેબ પેજની મુલાકાત લો :

- Sure Start Northern Ireland (સ્યુરસ્ટાર્ટ ઉત્તર આયરલેંડ)
www.surestart.gov.uk/surestartservices/surestartlocalprogrammes/ssni/
- Sure Start Scotland (સ્યુરસ્ટાર્ટ સ્કોટલેંડ)
www.surestart.gov.uk/surestartservices/surestartlocalprogrammes/ssscotland/
- Sure Start Wales (સ્યુરસ્ટાર્ટ વેલ્સ)
www.surestart.gov.uk/surestartservices/surestartlocalprogrammes/sswales/

પ્રગટીકરણ તારીખ : એપ્રિલ 2005
આઈ.એસ.બી.એન 1-84478-430-4
આ પુસ્તિકામાં અપાયેલ માહિતી અને સલાહ મુદ્રણ કરવાના સમયની ખરી છે. અદ્યતન માહિતી માટે www.surestart.gov.uk/lookingforchildcare ની મુલાકાત લો
શિક્ષણ અને કૌશલ્ય વિભાગ અને કામ અને નિવૃત્તિ વેતન વિભાગના સ્યુરસ્ટાર્ટ યુનિટ દ્વારા આ પુસ્તિકા તમને ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.
આ લેખનનો ભાષાંતર અહેવાલ ડી.એફ.ઈ.એસ. પબ્લીકેશનસ્, PO Box 5050, Annesley, Nottingham NG15 0DJ પાસે ઉપબલ્ધ છે. એલ.ઈ.એ.-1252-2005નો નિર્દેશ કરો અને તમને જોઈતી ભાષા જણાવો.